प्रश्नबेंक

# વિષય – સામાજિક વિજ્ઞાન

## પ્રથમ સત્ર

## પ્રકરણ : 1,2,9,14

વર્ષ : 2025-26

ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ, ગાંધીનગર

ધોરણ : 6

# ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ
# ગાંધીનગર
# મૂલ્યાંકન પ્રશ્નબેંક  ઓગસ્ટ – ૨૦૨૫
# વિષય : સામાજિક વિજ્ઞાન
# ધોરણ : 6 (એકમ 1,2,9,14)


| ક્રમ | અધ્યયન નિષ્પત્તિ ક્રમાંક | અધ્યયન નિષ્પત્તિ વિધાન | પાના નં. |
|---|---|---|---|
| 1 | SS609 | ઐતિહાસિક તથા સાહિત્યિક સ્રોતોને ઓળખી ઈતિહાસના પુનર્ગઠન માટે વિવિધ સ્રોતોના ઉપયોગનું વર્ણન કરે છે. | 2 |
| 2 | SS610 | ભારતના નકશામાં ઐતિહાસિક અને અન્ય સ્થળો દર્શાવે છે. | 8 |
| 3 | SS611 | પ્રાચીન માનવ સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણોને ઓળખી તેના વિકાસને સમજાવે છે. | 9 |
| 4 | SS613 | પ્રાચીન સમય દરમિયાનના વિકાસન તબક્કાઓ સમજી બે પ્રદેશના વિકાસની સરખામણી કરે છે. દા.ત., શિકાર સંગ્રહ તબક્કો, ખેતીની શરૂઆતનો તબક્કો, સિંધુ સંસ્કૃતિનું પહેલું શહેર. | 12 |
| 5 | SS617 | ઐતિહાસિક વિકાસને લગતી માહિતીનું વિશ્લેષણ કરે છે. | 15 |
| 6 | SS601 | તારા, ગ્રહો અને ઉપગ્રહો વચ્ચેનો તફાવત ઓળખે છે. દા.ત., સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર. | 17 |
| 7 | SS602 | પૃથ્વીને જીવ અસ્તિત્વ તથા વિવિધ કટિબંધો સંદર્ભે વિશિષ્ટ અવકાશીય પદાર્થ તરીકે ઓળખે છે. | 22 |
| 8 | SS603 | દિવસ–રાત અને ઋતુ પરિવર્તન દર્શાવે છે. | 27 |
| 9 | SS605 | પૃથ્વીના ગોળા અને વિશ્વના નકશા પર અક્ષાંશ–રેખાંશ, ધ્રુવો, વૃત્તો, આવરણો, ભારતના પાડોશી દેશો, ભારતના રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો વગેરે દર્શાવે છે. | 32 |
| 10 | SS608 | ગ્રહણને લગતી અંધશ્રદ્ધાઓની વિવેચનાત્મક રીતે ચકાસણી કરે છે. | 35 |
| 11 | SS619 | પોતાની આસપાસનાં માનવીય વિવિધતાનાં વિવિધ સ્વરૂપોનું વર્ણન કરે છે. | 37 |
| 12 | SS620 | પોતાની આસપાસની વિવિધતા તરફ સ્વસ્થ વલણ વિકસાવે છે. | 43 |

| | |
|---|---|
| **C1.1** | માનવજીવનના ઐતિહાસિક, સાંસ્કૃતિક, ભૌગોલિક અને સામાજિક–રાજકીય પાસાઓને સમજવા માટે માહિતીના બહુવિધ સ્રોતો (પ્રાથમિક અને ગૌણ) એકત્રિત અને અર્થઘટન કરે છે. |
| **LO : SS609** | ઐતિહાસિક તથા સાહિત્યિક સ્રોતોને ઓળખી ઈતિહાસના પુનર્ગઠન માટે વિવિધ સ્રોતોના ઉપયોગનું વર્ણન કરે છે. |

## (અ) હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) MCQ (બહુ વિકલ્પ પ્રશ્નો)

- **નીચે આપેલ પ્રશ્નોના આપેલ વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

**1. નીચેનામાંથી કોનો સમાવેશ અભિલેખમાં થશે?**

(A) તામ્રપત્ર
(B) શિલાલેખ
(C) ભોજપત્ર
(D) A અને B બંને

**2. નીચેનામાંથી કયું વિધાન સાચું છે ?**

(A) ભૂર્જ નામના વૃક્ષોની આંતરછાલ પર લખાયેલ હસ્તપ્રતને ભોજપત્ર કહે છે.
(B) ભુજ શહેરમાં મળતી કાગળની હસ્તપ્રતને ભોજપત્ર કહે છે.
(C) રાજા ભોજ દ્વારા લખાયેલ હસ્તપ્રતને ભોજપત્ર કહે છે.
(D) ભુજીયા ડુંગર પર મળતી હસ્તપ્રતને ભોજપત્ર કહે છે.

**3. પંચમાર્ક સિકકા માટે નીચે પૈકી કયુ વિધાન સુસંગત નથી?**

(A) ધાતુના ટુકડાઓને છાપ ઉપસાવવા બીબામાં મૂકી દબાણ આપી બનાવતા સિકકા
(B) ભારતમાં ઈ.પૂ.5મી સદીના સૌથી જૂના સિકકા
(C) સિકકા પર રાજાનું નામ, ધર્મ, સસ્કૃતિ તથા તેના સમય વગેરેની માહિતી મળે છે.
(D) ભારતમાં ઈ.પૂ. 15મી સદીના સૌથી જૂના સિકકા

**4. નીચેનામાંથી કઈ જોડ ખોટી છે ?**

(A) પંચમાર્ક – સૌથી જૂના સિક્કા.
(B) BCE – સાધારણ કે સામાન્ય યુગ.
(C) શિલાલેખ – પથ્થર પર કોતરીને લખાયેલ લેખ
(D) પુરાતત્વશાસ્ત્રી – માનવ તથા પશુઓના અવશેષોનું જમીનમાંથી ઉત્ખનન કરી સંસોધન કરનાર

**5. કોઈ સ્થળે ઉત્ખનન કરતાં 1000 વર્ષ જુનું મળી આવેલું નગર આશરે કઈ સદીનું ગણી શકાય ?**

(A) ઇ.સ.પૂર્વે 10મી સદી
(B) ઈ.સ. 10મી સદી
(C) ઇ.સ.પૂર્વે 11મી સદી
(D) ઈ.સ. 11મી સદી

**6. ઈતિહાસ માટે નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?**

(A) ભવિષ્યના જીવનની ઘટનાઓનો અભ્યાસ કરે છે.
(B) ભૂતકાળના જીવનની સફરનો અભ્યાસ કરે છે.
(C) વર્તમાનની ઘટનાઓનો અભ્યાસ કરે છે.
(D) વ્યક્તિઓની પ્રશંસાનો અભ્યાસ કરે છે.

**7. મહેશ રમેશને જૂનાગઢનો શિલાલેખ બતાવીને કંઇક પૂછી રહ્યો છે તેમાં કઈ બાબત સુસંગત નથી ?**

(A) અશોકનો શિલાલેખ તાંબાના પતરા પર લખાયેલ છે.

(B) જૂનાગઢ ગુજરાત રાજ્યની નૈઋત્ય ખૂણામાં આવેલ છે.

(C) અશોકનો શિલાલેખ ગિરનારની તળેટીમાં આવેલો છે.

(D) અશોકનો શિલાલેખ પ્રાકૃત્ત ભાષામાં લખાયેલ છે.

**8. નીચે આપેલ 'A' વિભાગની વિગતોને 'B' વિભાગ સાથે યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પસંદ કરો.**

| **વિભાગ – A** | **વિભાગ – B** |
|---|---|
| A. AD– એનો ડોમીની | 1. ગ્રીસના લોકો |
| B. ઋગ્વેદ | 2. હિન્ડોસ |
| C. ઈરાની લોકો | 3. ભારત નામનો ઉલ્લેખ |
| D. ઇન્ડસ | 4. મૂળ ગ્રીક શબ્દો |

(A) A–3, B–1, C–3, D–4

(B) A–4, B–2, C–1, D–3

(C) A–4, B–3, C–2, D–1

(D) A–3, B–4, C–1, D–2

**9. તાડપત્રો અને ભોજપત્રોને શા માટે સાચવવામાં આવે છે ?**

(A) તેમાંથી જે તે સમયની ધાર્મિક, સામાજિક જીવન વિશેની માહિતી મળે છે.

(B) તેના દ્વારા પ્રાચીન યુગના જીવનની જાણકારી મળે છે.

(C) તેમાંથી ભાષા અને લિપિ શીખવા મળે છે.

(D) ઉપરોક્ત તમામ

**10. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી ?**

(A) વસ્તુ કેટલી જૂની છે તે જાણવા કાર્બન ડેટિંગ પદ્ધતિનો ઉપયોગ થાય છે.

(B) ઇતિહાસનું સંશોધન કરનારને પુરાતત્વવિદ કહેવાય છે.

(C) કચ્છ ગુજરાતની વાયવ્ય ખૂણામાં આવેલો જિલ્લો છે.

(D) કચ્છમાં આશરે 1000 વર્ષ જુનું શહેર મળી આવેલ છે.

**11. નીચેનામાંથી ઋગ્વેદ માટે કઈ બાબત સાચી નથી ?**

(A) આ વેદ ભારતનો સૌથી જૂનો વેદ છે.

(B) આ વેદમાં ભારત નામનો ઉલ્લેખ થયેલ છે.

(C) આ વેદને સંસ્કૃતની આરંભિક કૃતિ માનવામાં આવે છે.

(D) આ વેદને સંગીતની ગંગોત્રી પણ કહેવામાં આવે છે.

**12. અભિલેખ દ્વારા નીચેના પૈકી કઈ બાબત જાણી શકાય છે ?**

(A) વિજય

(B) રાજાનો ધર્મ

(C) સંસ્કૃતિ

(D) આપેલ ત્રણેય

**13. કચ્છમાં 4000 વર્ષ જુનું શહેર મળી આવ્યું છે, આ કેવી રીતે જાણ્યું હશે ?**

(A) ખોદકામ દરમિયાન મળી આવેલા અવશેષોના આધારે

(B) લોકકથા અને દંતકથાના આધારે

(C) નવા શહેરની બાંધણીના આધારે.

(D) આપેલ એકપણ નહી

**14. નીચે પૈકી કોનો વિદેશી મુસાફરમાં સમાવેશ થતો નથી?**

(A) મેગસ્થનિસ
(B) ફાહિયાન
(C) સેલ્યુકસ નિકેતર
(D) પ્લિની

**15. ઇતિહાસના અભ્યાસીઓ માટે કયું વિધાન સુસંગત નથી?**

(A) તેઓ તે સમયના માનવસમાજનાં રીત–રિવાજો,ખોરાક–પોશાક અને ટેક્નોલૉજીની માહિતી આપે છે.
(B) તેઓએ તે સમયના પ્રાણીઓની માહિતી આપી નથી.
(C) તેઓએ ભારતનાં અનેક શહેરો અને ગામડાઓ શોધ્યા.
(D) તેઓએ આપણને કપાસ, જવ, ઘઉં જેવાં પાકની માહિતી આપી.

**16. નીચે પૈકી કયાં સ્થળોએ તામ્રપત્રો સચવાયેલા નથી?**

(A) શ્રી હેમચંદ્રાચાર્ય જૈનજ્ઞાન મંદિર,પાટણ
(B) એલ.ડી.ઇન્સ્ટિટ્યુટ ઑફ ઇંડોલોજી,નવરંગપુરા
(C) શ્રી મહાત્મા મંદિર,ગાંધીનગર
(D) શ્રી મહાવીર જૈન આરાધના કેન્દ્ર,કોબા

**17. તમારા હાથમાં સંસ્કૃતની આરંભિક કૃતિ છે જેમાથી આપણાં દેશનું નામ ભારત જાણવા મળેલ?**

(A) ઋગ્વેદ
(B) સામવેદ
(C) યજુર્વેદ
(D) અથર્વવેદ

**18. નીચે આપેલા વિધાનોની યોગ્યતા ચકાસો.**

**વિધાન–1 પંચમાર્ક સિક્કાએ ભારતમાથી મળી આવેલ સૌથી જૂના સિક્કા છે.**

**વિધાન–2 હડપિયન સંસ્કૃતીના અવશેષો સૌ પ્રથમ ગંગાનદીની આસપાસ મળી આવ્યા છે.**

(A) વિધાન–1 સાચું છે
(B) વિધાન–2 સાચું છે
(C) વિધાન–1 અને વિધાન–2 બંને સાચા છે.
(D) વિધાન–1 અને વિધાન–2 બંને ખોટાં છે.

**19. ઇતિહાસકારોનાં સંશોધનોથી આપણને ઉત્તર–પશ્ચિમ ભારતમાં કઈ નદીના કિનારે પાંગરેલી મહાન સભ્યતાના દર્શન થાય છે?**

(A) ગંગા
(B) યમુના
(C) સરસ્વતી
(D) સિંધુ

**20. હું હિમાલયમાં થતું વૃક્ષ છું.મારી પાતળી આંતરછાલ ઉપર હસ્તપ્રતો લખવામાં આવતી.**

(A) દેવદાર
(B) કેળ
(C) ચીડ
(D) ભૂર્જ

## (b) ખાલી જગ્યા (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

1. ભવ્યાને ધોળાવીરા જવા માટે.....................જિલ્લાની મુલાકાત લેવી પડશે.
2. ભૂતકાળને આપણી સમક્ષ જીવંત રાખવાનું કાર્ય........................કરે છે.
3. ભોજપત્રો ...................... નામના વૃક્ષની પાતળી આંતરછાલ ઉપર લખાયેલા છે.
4. ગુજરાતમાં આવેલઅશોકનો શિલાલેખ જોવા માટે શિક્ષક વિદ્યાર્થીઓને ........................જિલ્લાના પ્રવાસે લઈ જશે.

5. ધાતુ કે પથ્થરો પર કોતરેલા લેખોને ……………… કહેવાય છે.
6. ધાતુના ટુકડાઓને છાપ ઉપસાવવા બીબામાં મૂકી દબાણ આપી બનાવાતા સિક્કા …………………. તરીકે ઓળખાય છે.
7. તાડપત્રો અને ભોજપત્રો ……………………. નામથી પણ ઓળખાય છે.
8. પ્રજા સાથે સંવાદ કરવા પોતાના આદેશો …………………… પર કોતરાવતા હતા.
9. તામ્રપત્રોનો અભ્યાસ કરવો હોય તો પાટણની ………………………….. સંસ્થાની મુલાકાત લેવી પડશે.
10. સમ્રાટ અશોકનો શિલાલેખ ગુજરાતનાં ________ સ્થળેથી મળી આવ્યો છે.
11. ભારતની …………………. નદીકિનારે વિશ્વની મહાન સભ્યતાનો વિકાસ થયેલો છે.
12. ઈ.સ.પૂર્વે 325મા બનેલ કોઈ ઘટનાને આજે ……………… વર્ષ થયા હશે.
13. ઈસુ ખ્રિસ્તના જન્મને દુનિયામાં કાળગણના સાથે જોડવામાં આવેલ છે. તો તેમના જન્મ પહેલાનો સમય ……………………. નામે ઓળખાય છે.

## (c) ખરા–ખોટા વિધાન (દરેકનો એક–એક ગુણ)

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે લખો. જો વિધાન ખોટું હોય તો સાચું વિધાન ફરીથી લખો.**

1. પંચમાર્ક સિક્કાઓનો સમાવેશ શિલાલેખમાં થાય છે.
2. અભિલેખો પર લખાયેલા લખાણો લાંબા સમય સુધી ટકી રહ્યા છે.
3. ઈતિહાસ માનવસમાજના ભૂતકાળની માહિતી આપે છે.
4. ઈતિહાસ માત્ર ભૂતકાળની જ બાબતો સાથે સંકળાયેલ છે.
5. ગુજરાતના જૂનાગઢ જિલ્લામાંથી સૌથી જૂનું શહેર મળી આવેલ છે.
6. તાડપત્રો આસોપાલવના પર્ણ પર લખાયેલ હસ્તપ્રત છે.
7. ભૂર્જ નામનું વૃક્ષ જોવા માટે ભારતની ઉત્તર દિશામાં જવું પડશે.
8. ઈસુ ખ્રિસ્તના જન્મ પછીના સમયને ઇસવીસન પૂર્વે (B.C.) કહેવાય છે.
9. ભરત નામનો માનવસમૂહ દક્ષિણ–પશ્ચિમ ભારતમાં આવીને વસેલો.
10. વાહનો એ પ્રાચીન ઈતિહાસ જાણવાનો એક સ્ત્રોત છે.
11. ભરત નામનો અથર્વવેદમાં ઉલ્લેખ છે.

## (બ) અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

### (a) એક–બે શબ્દમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના એક–બે શબ્દમાં જવાબ લખો.**

**1.** પ્રાચીન યુગમાં માનવી લખવા માટે શેનો ઉપયોગ કરતો હતો ?
**2.** ગુજરાતના કચ્છ જિલ્લામાંથી કયું પ્રાચીન નગર મળી આવ્યું છે ?
**3.** UNESCO દ્વારા વર્લ્ડ હેરીટેજ સાઈટનો દરજ્જો મળેલ હોય તેવું ગુજરાતનું પ્રાચીન નગર કયું છે ?
**4.** તાડપત્ર અને ભોજપત્ર દ્વારા આપણને કયા યુગના માનવી વિષે માહિતી મળે છે ?

5. હસ્તપ્રતો ક્યાં સચવાયેલી છે ?
6. લાંબા સમય સુધી કયા પ્રકારના લખાણો ટકી રહેશે ?
7. શિલાલેખ કોતરાવનાર રાજાનું નામ લખો.
8. તામ્રપત્રોમાં કઈ ધાતુનો ઉપયોગ થતો હતો ?

## (ક) ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના બે–બે ગુણ)

## (a) બે–ત્રણ વાક્યમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના બે–ત્રણ વાક્યમાં જવાબ લખો.**

1. પહેલાના સમયમાં રાજાઓ અભિલેખો કે શિલાલેખો શા માટે કોતરાવતા હતા ?
2. આપણા દેશનું નામ ભારત શા માટે પડ્યું ?
3. પંચમાર્ક સિક્કાઓને કેવી રીતે બનાવવામાં આવતા ?
4. સિક્કામાંથી ઇતિહાસ સંબધિત કઈ કઈ માહિતી મળે છે ?
5. AD અને BC નો અર્થ આપો.
6. ઈતિહાસ જાણવા માટે કયા કયા સ્ત્રોતો ઉપયોગી બની શકે ?
7. પ્રવાસ વર્ણનમાંથી આપણને કઈ માહિતી મળે છે ?
8. પુરાતત્વશાસ્ત્રીનું કાર્ય જણાવો.
9. પ્રાચીન સમયમાં કયા કયા વિદેશી મુસાફરો ભારતની મુલાકાતે આવ્યા હતા ?

## (ડ) નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના ત્રણ ગુણ)

## (a) વિસ્તૃત પ્રશ્નો /મુદ્દાસર જવાબ

- **નીચેના પ્રશ્નોનું વિસ્તૃત વર્ણન કરો.**

1. ઈતિહાસ જાણવાના વિવિધ સ્ત્રોતોમાંથી તમે કઈ કઈ માહિતી મેળવી શકશો?
2. સીમા મેડમ સામાજિક વિજ્ઞાનના તાસમાં ઈતિહાસ જાણીએ પાઠ ભણાવે છે, તેમાં તામ્રપત્રો જ્યાં સચવાયેલા છે તેની યાદી બનાવે છે તો તે કયા સ્થળો હશે?
3. રીટાને રમતા રમતા એક જૂનો સિક્કો મળી આવે છે તો આ સિક્કામાંથી તેને કઈ કઈ માહિતી મળે છે?
4. સમ્રાટ અશોકે તેના શિલાલેખ દ્વારા આપેલ પ્રજાજોગ સંદેશ આજના સમયમાં પણ કઈ રીતે પ્રસ્તુત છે?
5. નીચે કેટલાક વિધાનો આપેલા છે. જેમાં તેઓ કયું કામ કરે છે તેમના કામના આધારે તેઓના નામને પુરાતત્વશાસ્ત્રીઓ, ઈતિહાસકારો અને પ્રવાસીઓમા વર્ગીકરણ કરી લખો.

   A] સીતા ઉત્ખનન કરતા વિવિધ સ્થળોની મુલાકાત લઈ અભ્યાસ કરે છે.

   B] ગીતા પહેલાના સમયના માનવસમાજના રીતરીવાજો, ખોરાક, પોશાક વગેરેની વિવિધ માહિતીનો અભ્યાસ કરે છે.

C] જય વિવિધ દેશોનો પ્રવાસ કરી તેમની સંસ્કૃતિનો અભ્યાસ કરી તેની નોધ પોતાની ડાયરીમા લખે છે.

D] મહેશ ખોદકામ કરેલ સ્થળ પર જઈ ત્યાંથી મળેલ ઈટો, પત્થરો, પ્રાણીઓના હાડકાનો અભ્યાસ કરે છે.

E] માનસી યુરોપના દેશમાં જઈ ત્યાંની રહેણીકરણી, સંસ્કૃતિની નોધ કરે છે.

F] હરેશ કેટલાક હસ્તપ્રતો ભેગા કરી લાવે છે અને તેમાંથી મળતી માહિતી સરળ રીતે રજૂ કરે છે.

| પુરાતત્વશાસ્ત્રીઓ | ઈતિહાસકરો | પ્રવાસીઓ |
|---|---|---|
| | | |
| | | |

| | |
|---|---|
| **C3.1** | પ્રારંભિક માનવ સમાજમાં ભટકતા જીવનથી સ્થાયી જીવન અને પ્રારંભિક સંસ્કૃતિસુધીના વિવિધ ફેરફારોની અસરોનું વિશ્લેષણ કરે છે. (જેમકે કૃષિનો ઉદ્ભવ, ખાદ્ય આદતોમાં ફેરફાર, બાંધકામ, પરીવહન, માટીકામ, ધાતુશાસ્ત્ર જેવી મૂળભૂત તકનીકીઓ) અને માનવમાં પરિવર્તન રહેઠાણ, કૌટુબીક સંરચના અને સંબંધો, કામની પ્રકૃતિ, લોકોની સામાજિક સાંસ્કૃતિક અને સમયાંતરે વિભાવનાઓ (દા,ત. – અહિંસા અને મોટા યુદ્ધો અથવા આક્રમણોનું પરિણામ) જેને માનવ સમાજ પર નોંધપાત્ર અસર કરી. |
| **LO : SS610** | ભારતના નકશામાં ઐતિહાસિક અને અન્ય સ્થળો દર્શાવે છે. |

## (બ) અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (d) નકશાપૂર્તિ

- **નીચેના સ્થળોને ભારતના રેખાંકિત નકશામાં યોગ્ય સ્થાને નામ સાથે દર્શાવો. નીચે આપેલ પ્રશ્નોના એક–બે શબ્દમાં જવાબ લખો.**

(1) બુર્જહોમ અને ગુફ્ક્રાલ
(2) લાંઘણજ
(3) ઇનામગામ
(4) ભીમબેટકા
(5) મધ્યપ્રદેશ
(6) પાકિસ્તાન
(7) કુર્નુલ
(8) ગંગા નદી
(9) મહાગઢા
(10) બાંગ્લાદેશ
(11) ચિરાંદ
(12) મેહરગઢ
(13) કોલ્ડીહવા
(14) ગુજરાત
(15) ઉત્તરપ્રદેશ
(16) વિંધ્ય પર્વતમાળા
(17) નર્મદા નદી
(18) બ્રહ્મગીરી
(19) પાકિસ્તાન
(20) શ્રીલંકા
(21) લક્ષદ્વીપ
(22) મ્યાનમાર
(23) ભૂતાન
(24) નેપાળ
(25) અરબ સાગર
(26) બંગાળનો ઉપસાગર
(27) ચીન
(28) અંદમાન નિકોબાર ટાપુઓ
(29) કાવેરી નદી
(30) તાપી નદી



| | |
|---|---|
| **C3.1** | પ્રારંભિક માનવ સમાજમાં ભટકતા જીવનથી સ્થાયી જીવન અને પ્રારંભિક સંસ્કૃતિસુધીના વિવિધ ફેરફારોની અસરોનું વિશ્લેષણ કરે છે. (જેમકે કૃષિનો ઉદ્‌ભવ, ખાદ્ય આદતોમાં ફેરફાર, બાંધકામ, પરીવહન, માટીકામ, ધાતુશાસ્ત્ર જેવી મૂળભૂત તકનીકીઓ) અને માનવમાં પરિવર્તન રહેઠાણ, કૌટુંબીક સંરચના અને સંબંધો, કામની પ્રકૃતિ, લોકોની સામાજિક સાંસ્કૃતિક અને સમયાંતરે વિભાવનાઓ (દા,ત. – અહિંસા અને મોટા યુધ્ધો અથવા આક્રમણોનું પરિણામ) જેને માનવ સમાજ પર નોંધપાત્ર અસર કરી. |
| **LO : SS611** | પ્રાચીન માનવ સંસ્કૃતિનાં લક્ષણોને ઓળખી તેના વિકાસને સમજાવે છે. |

## (અ) હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) MCQ (બહુ વિકલ્પ પ્રશ્નો)

- **નીચે આપેલ પ્રશ્નોના આપેલ વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

**1. આદિમાનવો કેવા સ્થળે વસવાટ કરવાનું પસંદ કરતા હતા?**

(A) વધુ પ્રમાણમાં પથ્થરો મળી રહે તેવા (B) પ્રર્યાપ્ત માત્રામાં પાણી મળી રહે તેવા

(C) પૂરતા પ્રમાણમાં લાકડા મળી રહે તેવા (D) હાડકાના ઓજારો મળી રહે તેવા

**2. ભીમબેટકા (મધ્યપ્રદેશ) આદિમાનવોનાં વસવાટ માટેનું ઉતમ સ્થળ મળી આવ્યું છે, આ ગુફાઓમાં આદિમાનવની કઈ કલા આજે પણ જોવા મળે છે?**

(A) માટીકલા (B) નાટ્યકલા

(C) નૃત્યકલા (D) ચિત્રકલા

**3. નીચે આપેલ પ્રવ્રુતિઓમાંથી કઈ પ્રવૃત્તિ આદિમાનવ દ્બારા થતી ?**

(A) તેઓ ભટકતું જીવન જીવતા (B) તેઓ ખોરાક માટે શિકાર કરતા

(C) તેઓ પ્રાકૃતિક ગુફાઓમાં રહેતા ન હતા. (D) A અને B બંને

**4. આદિમાનવના સ્થાયી જીવનની શરૂઆત થતા તેઓની કઈ પ્રવૃતિઓમાં વ્યાપક પરિવર્તન આવ્યું?**

(A) ખોરાક (B) રહેઠાણ

(C) સંગીત (D) A અને B બંને

**5. આદિમાનવો એટલે.....?**

(A) ભટકતુ જીવન જીવતા માનવીઓ (B) શિકાર કરીને જીવન જીવતા માનવીઓ

(C) હાલના સમયના માનવીઓ (D) A અને B બંને

**6. ભારતમાં આદિમાનવોનાં વસવાટના સ્થળો શોધવામાં કોનો સમાવેશ ન કરી શકાય?**

(A) પુરાતત્વશાસ્ત્રીઓ (B) અર્થશાસ્ત્રીઓ

(C) નૃવંશશાસ્ત્રીઓ (D) ઈતિહાસકારો

**9. આદિમાનવ કેવા સ્થળે રહેવાનું પસંદ કરતો હતો?**

| | |
|---|---|
| (A) પર્વતીય વિસ્તાર | (B) દરિયાકિનારે |
| (C) A અને B બંને | (D) એક પણ નહીં |

## (b) ખાલી જગ્યા (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

1. આદિમાનવો પથ્થરની ટેક્નોલોજી સાથે સંકળાયેલ સમયને _______________ કહેવામાં આવે છે.
2. પ્રાચીન સમયમાં _______________ ને ભારતનું સૌથી પ્રાચીન ગામ ગણી શકાય છે.
3. ભીમબેટ્કાની ગુફાઓ _______________ રાજ્યમાં આવેલી છે.
4. આદિમાનવનાસ્થાયી જીવનનો પ્રથમ સાથીદાર કે મિત્ર _______________ હતો.
5. સૌ પ્રથમ જવ અને ઘઉંની ખેતીની શરૂઆત _______________ ગામમાં થઈ હોવાના પુરાવાઓ મળેલ છે.
6. આદિમાનવો વરસાદ અને જંગલી પ્રાણીઓથી બચવા માટે _______________ રહેતા હતા.

## (c) ખરા–ખોટા વિધાન (દરેકનો એક–એક ગુણ)

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે લખો. જો વિધાન ખોટું હોય તો સાચું વિધાન ફરીથી લખો.**

1. આદિમાનવ બળદગાળાનો ઉપયોગ કરતા હતા.
2. આદિમાનવ હાડકાનો હથિયાર તરીકે ઉપયોગ કરતા હતા.
3. જંગલી પ્રાણીઓથી રક્ષણ મેળવવા આદિમાનવ ઝાડ પર રહેતો હતો.
4. આદિમાનવ અગ્નિનો ઉપયોગ અનાજ પકવવા કરતો હતો.
5. આદિમાનવ ખેતીકામમાં પથ્થરના ઓજારોનો ઉપયોગ કરતા હતા.

6.. આદિમાનવ પશુઓ પાળતા અને તેના દુધનો ખોરાક તરીકે ઉપયોગ કરતા હતા.

## (d) જોડકા જોડો.

- **'A' વિભાગની વિગતોને 'B' વિભાગ સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો.**

**1.**

| વિભાગ A | વિભાગ B |
|---|---|
| 1. મહાગઢા | A. બિહાર |
| 2. ચિરાંદ | B. ગુજરાત |
| 3. ઈનામગામ | C. ઉતરપ્રદેશ |
| 4 લાંઘણજ | D. મહારાષ્ટ્ર |

**2.**

| વિભાગ A | | વિભાગ B | |
|---|---|---|---|
| 1. | કુરનૂલ | A. | ગુફાચિત્રો |
| 2. | ભીમબેટકા | B. | રાખના અવશેષો |
| 3. | મેહરગઢ | C. | બાળકોના મૃતદેહોના અવશેષો |
| 4 | ઈનામગામ | D. | અનાજના કોઠારો |

## (બ) અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) એક–બે શબ્દમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના એક–બે શબ્દમાં જવાબ લખો.**

**1.** અગ્નિના ઉપયોગથી આદિમાનવના જીવનમાં કેવું પરિવર્તન આવ્યું?

**2.** આદિમાનવ કેવા પશુઓ પાળતા હતા?

**3.** આદિમાનવો કયા કયા પાકો ઉગાડતા હતા?

**4.** શિકાર કરતી વખતે આદિમાનવોને કઈ મુશ્કેલીઓ પડતી હશે?

**5.** આદિમાનવ પોતાનું શરીર શાના વડે ઢાંકતા હતા?

## (ડ) નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના ત્રણ ગુણ)

## (a) વિસ્તૃત પ્રશ્નો /મુદ્દાસર જવાબ

- **નીચેના પ્રશ્નોનું વિસ્તૃત વર્ણન કરો.**

**1.** આદિમાનવ ભટકતું જીવન જીવતો હતો. – સમજાવો

**2.** ભીમબેટકા ગુફા આદિમાનવના રહેઠાણનું ઉત્તમ સ્થળ છે. – આવું શાથી કહી શકાય ?

**3.** અગ્નિ અને ચક્રની શોધથી આદિમાનવના જીવનમાં કેવા પરિવર્તનો આવ્યા ? નોંધ તૈયાર કરો.

**4.** સ્થાયીજીવનની શરૂઆત થતાં કેવી કેવી પ્રવૃત્તિઓની શરૂઆત થઈ ?

| | |
|---|---|
| **C3.1** | પ્રારંભિક માનવ સમાજમાં ભટકતા જીવનથી સ્થાયી જીવન અને પ્રારંભિક સંસ્કૃતિસુધીના વિવિધ ફેરફારોની અસરોનું વિશ્લેષણ કરે છે. (જેમકે કૃષિનો ઉદ્ભવ, ખાદ્ય આદતોમાં ફેરફાર, બાંધકામ, પરીવહન, માટીકામ, ધાતુશાસ્ત્ર જેવી મૂળભૂત તકનીકીઓ) અને માનવમાં પરિવર્તન રહેઠાણ, કૌટુંબીક સંરચના અને સંબંધો, કામની પ્રકૃતિ, લોકોની સામાજિક સાંસ્કૃતિક અને સમયાંતરે વિભાવનાઓ (દા,ત. – અહિંસા અને મોટા યુદ્ધો અથવા આક્રમણોનું પરિણામ) જેને માનવ સમાજ પર નોંધપાત્ર અસર કરી. |
| **LO : SS613** | પ્રાચીન માનવ સંસ્કૃતિનાં વિશિષ્ટ લક્ષણોને ઓળખી તેના વિકાસને સમજાવે છે. |

## (અ) હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) MCQ (બહુ વિકલ્પ પ્રશ્નો)

- **નીચે આપેલ પ્રશ્નોના આપેલ વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

**1. વિધાન – 1 પ્રાચીન સમયમાં મેહરગઢ ભારતનું સૌથી પ્રાચીન ગામ ગણવામાં આવે છે.**
**વિધાન – 2 ભીમબેટકા સ્થળ સિંધુ નદી કિનારે આવેલું છે.**

(A) બંને વિધાન સાચા છે. (B) બંને વિધાન ખોટા છે.
(C) વિધાન 1 સાચું છે. (D) વિધાન 2 સાચું છે.

**2. મધ્યપ્રદેશમાં આદિમાનવોના વસવાટ માટેનું કયું સ્થળ મળી આવ્યું છે?**

(A) ભીમબેટકા (B) ઈનામગામ
(C) લાંઘણજ (D) બુર્જહોમ

**3. ભારતમાંથી મળી આવેલ પ્રાચીન ગુફાઓ સંબધિત નીચે પૈકી કયું વિધાન યોગ્ય નથી?**

(A) કુરનૂલ ગુફામાંથી રાખના અવશેષો મળ્યા છે. (B) ગુફાઓમાં આદિમાનવે પ્રાકૃતિક રંગો વડે ચિત્રો દોરેલા છે.
(C) ગુફા આદિમાનવ માટે રહેઠાણનું સ્થળ હતું (D) આદિમાનવ ગુફામાં રહી લોખંડનાં ઓજારો બનાવતો હતો.

**4. આદિમાનવના સ્થાયી જીવનનો પ્રથમ સાથીદાર કોણ હતો?**

(A) કૂતરો (A) ગાય
(C) ભેંસ (C) ઘેટાં

**5. આદિમાનવના ખોરાકમાં કઈ વસ્તુનો સમાવેશ થતો નથી?**

(A) માંસ (A) ફળો
(C) કંદમૂળ (C) આપેલ તમામ

**6. આદિમાનવ કઈ ટેકનોલોજી સાથે સંકળાયેલો હતો?**

(A) પથ્થર (A) અણુ
(C) ઈલેક્ટ્રિક (C) લોહયુગ

## (b) ખાલી જગ્યા (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

1. મેહરગઢ હાલ _____________ દેશમાં આવેલું છે.
2. ગુજરાતના _____________ સ્થળેથી માનવ વસાહત અને ગેંડાના અવશેષો મળી આવ્યા છે.
3. ભીમબેટ્કાની ગુફાઓમાં આદિમાનવે ચિત્રો _____________ રંગો વડે દોરેલા છે.
4. _____________ માંથી મળી આવેલા પુરાવા મુજબ તેઓ મૃત્યુ પામનારને માન–સમ્માનથી દફનાવતા હતા.
5. આદિમાનવો ઝાડનાં થડ અને જાડા લાકડાંમાંથી _____________ બનાવતા શીખ્યા હતા .
6. બુર્જહોમ અને ગુફક્રાલ એટલે હાલનું હાલ ............................રાજ્યમાં આવેલા છે.
7. દક્ષિણ ભારતમાં ...................ગુફામાંથી રાખના અવશેષો મળ્યા છે.

## (c) ખરા–ખોટા વિધાન (દરેકનો એક–એક ગુણ)

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે લખો. જો વિધાન ખોટું હોય તો સાચું વિધાન ફરીથી લખો.**

1. ભીમબેટકાની ગુફા ગુજરાતમાં આવેલી છે.
2. ઇનામગામ(મહારાષ્ટ્ર) જ્યાં માનવી ગોળાકાર મકાનમાં રહેતા હતા.
3. મેહરગઢનીપ્રાચીન વસાહત હાલ પાકિસ્તાનમાં આવેલી છે.
4. નર્મદા આસપાસના પર્વતીય વિસ્તારોમાં અનેક પ્રાકૃતિક ગુફાઓ મળી આવી છે.

## (d) જોડકા જોડો.

- **'A' વિભાગની વિગતોને 'B' વિભાગ સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો.**

**1.**

| | વિભાગ A | | વિભાગ B |
|---|---|---|---|
| 1. | મહાગઢા | A. | બિહાર |
| 2. | ચિરાંદ | B. | ગુજરાત |
| 3. | ઈનામગામ | C. | ઉતરપ્રદેશ |
| 4 | લાંઘણજ | D. | મહારાષ્ટ્ર |

**2.**

| | વિભાગ A | | વિભાગ B |
|---|---|---|---|
| 1. | મેહરગઢ | A. | લાંઘણજ (ગુજરાત) |
| 2. | ભીમબેટકા | B. | મહારાષ્ટ્ર |
| 3. | ઈનામગામ | C. | મધ્યપ્રદેશ |
| 4 | માનવવસાહત– ગેંડા | D. | પાકિસ્તાન |

## (બ) અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) એક–બે શબ્દમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના એક–બે શબ્દમાં જવાબ લખો.**

**1.** ભીમબેટકાની ગુફામાંથી કયા કયા ચિત્રો મળી આવ્યા છે?

**2.** આદિમાનવ ખેતી માટે કયાઓજારોનો ઉપયોગ કરતોહતો?

**3.** બિહારમાં કયા સ્થળે આદિમાનવનાઅવશેષો મળી આવ્યા છે?

**4.** આદિમાનવો કેવા સ્થળે રહેવાનું પસંદ કરતા હતા?

**5.** અગ્નિનાં ઉપયોગથી આદિમાનવ કયા કયા કાર્યો કરતો થયો?

## (ડ) નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના ત્રણ ગુણ)

## (a) ટૂંક નોંધ

- **ટૂંક નોંધ લખો.**

**1.** ચક્રની શોધ

**2.** આદિમાનવ – ભટકતું જીવન

| | |
|---|---|
| **C3.1** | પ્રારંભિક માનવ સમાજમાં ભટકતા જીવનથી સ્થાયી જીવન અને પ્રારંભિક સંસ્કૃતિસુધીના વિવિધ ફેરફારોની અસરોનું વિશ્લેષણ કરે છે. (જેમકે કૃષિનો ઉદ્ભવ, ખાદ્ય આદતોમાં ફેરફાર, બાંધકામ, પરીવહન, માટીકામ, ધાતુશાસ્ત્ર જેવી મૂળભૂત તકનીકીઓ) અને માનવમાં પરિવર્તન રહેઠાણ, કૌટુબીક સંરચના અને સંબંધો, કામની પ્રકૃતિ, લોકોની સામાજિક સાંસ્કૃતિક અને સમયાંતરે વિભાવનાઓ (દા,ત. – અહિંસા અને મોટા યુદ્ધો અથવા આક્રમણોનું પરિણામ) જેને માનવ સમાજ પર નોંધપાત્ર અસર કરી. |
| **LO : SS617** | ઐતિહાસિક વિકાસને લગતી માહિતીનું વિશ્લેષણ કરે છે. |

## (અ) હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) MCQ (બહુ વિકલ્પ પ્રશ્નો)

- **નીચે આપેલ પ્રશ્નોના આપેલ વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

**1. આદિમાનવ પથ્થરનો ઉપયોગ કરતો હતો –તેમાં કઈ બાબતોનો સમાવેશ થતો નથી?**

(A) વનસ્પતિ કાપવા માટે　(B) પ્રાણીઓને ચીરીને ચામડી કાઢવા માટે

(C) શિકાર માટે હથિયારોબનાવવા　(D) પ્રાણીઓનું ચામડું કાઢવા માટે

**2. કઈ બે પ્રવૃતિઓએ આદિમાનવને સ્થાયી જીવન તરફ પરિવર્તિત કર્યા હતા?**

(A) શિકારી – ચોકીદારી　(B) ખેતી – પશુપાલન

(C) ભટકતું જીવન – રખેવાળી　(D) સવારી અને ખલાસી

**3. આદિમાનવો અગ્નિથી પરિચિત હશે ! એવું કયા અવશેષોના આધારે કહી શકાય ?**

(A) અગ્નિના ચિત્રોના આધારે　(B) રાખના અવશેષોના આધારે

(C) હાડકાંના અવશેષોના આધારે　(D) પથ્થરના હથિયારોના અવશેષોના આધારે

**4. કેટલા વર્ષ પહેલા આદિમાનવ અગ્નિનો ઉપયોગ કરવા લાગ્યો હતો ?**

(A) 10000 વર્ષ　(B) 11000 વર્ષ

(C) 12000 વર્ષ　(D) 15000 વર્ષ

**5. કઈ બે પ્રવૃત્તિઓએ આદિમાનવને સ્થાયી જીવન તરફ પરિવર્તિત કર્યા ?**

(A) ખેતી અને પશુપાલન　(B) શિકારી અને ચોકીદારી

(C) વળાવીયા અને રખેવાળી　(D) સવારી અને ખલાસી

**6. સ્થાયી થયેલા આદિમાનવમાં આવેલાં વ્યાપક પરિવર્તનમાં કઈ બાબતોનો સમાવેશ ન કરી શકાય ?**

(A) ખોરાક　(B) પોશાક

(C) રહેઠાણ　(D) શિક્ષણ

## (b) ખાલી જગ્યા (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

1. _____ જીવનનો અંત આવતા આદિમાનવનાં ખોરાક, પોશાક અને રહેઠાણમાં વ્યાપક પરીવર્તન આવ્યાં.
2. કૃષિના ઉત્પાદનના કારણે આદિમાનવે __________ જીવનની શરૂઆત કરી હતી.
3. આદિમાનવ ખૂરપી, છીણી, દાતરડા વગેરે ખેતીના ઓજારો ________ માંથી બનાવતા.
4. પ્રાચીન સમયમાં _____________ ભારતનું સૌથી પ્રાચીન ગામ ગણી શકાય.
5. આજથી લગભગ ___________ વર્ષો પહેલાં વિશ્વભરના વાતાવરણમાં વ્યાપક પરીવર્તન આવવાથી ઘાસના ક્ષેત્રો ઊભા થયા.

## (c) જોડકા જોડો.

- **'A' વિભાગની વિગતોને 'B' વિભાગ સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો.**

**1.**

| | વિભાગ A | | વિભાગ B |
|---|---|---|---|
| 1. | ચોખા,બકરા, ઘેટા, પથ્થરના ઓજારો | A. | મહાગઢા (ઉતરપ્રદેશ) |
| 2. | ચોખા,પ્રાણીઓના હાંડકા | B. | લાંઘણજ (ગુજરાત) |
| 3. | માનવવસાહત | C. | ચિરાંદ (બિહાર) |
| 4 | ભેંસ, બળદ, ઓજારો | D. | કોલ્ડીહવા (ઉતરપ્રદેશ) |

## (ડ) નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના ત્રણ ગુણ)

## (a) ટૂંક નોંધ

- **ટૂંક નોંધ લખો.**

**1.** આદિમાનવની પ્રવૃતિઓ

**2.** આદિમાનવના ભોજન, રહેઠાણ, પોશાક અંગેની માહિતી આપો.

**LO : SS601** તારા,ગ્રહો અને ઉપગ્રહો વચ્ચેનો તફાવત ઓળખે છે. દા.ત. સૂર્ય, પૃથ્વી અને ચંદ્ર.

## (અ) હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) MCQ (બહુ વિકલ્પ પ્રશ્નો)

- **નીચે આપેલ પ્રશ્નોના આપેલ વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

**1. સૂર્ય વિશેની નીચેની કઈ બાબત યોગ્ય નથી ?**

(A) સૂર્ય એક સન્માનિત તારો છે.
(B) સૂર્ય પૃથ્વી કરતાં લગભગ 13 લાખ ગણો મોટો છે.
(C) સૂર્યનું ગુરુત્વાકર્ષણબળ પૃથ્વી કરતાં 38 ગણું વધારે છે.
(D) સૂર્યથી પૃથ્વી 15 કરોડ કિમી દૂર છે.

**2. યોગ્ય રીતે જોડકાં જોડી યોગ્ય વિકલ્પ પસંદ કરો.**

| | વિભાગ – અ | વિભાગ – બ |
|---|---|---|
| a. | સૂર્યના આવરણનો મુખ્ય વાયુ | 1.શનિ |
| b. | સૂર્યની સૌથી નજીકનો ગ્રહ | 2.બુધ |
| c. | સૌથી સુંદર દેખાતો ગ્રહ | 3.હાઈડ્રોજન |
| d. | સજીવોનો પાલક | 4.હિલિયમ |
| | | 5.સૂર્ય |

(A) a–3, b –2, c–1, d–5
(B) a–4, b–5, c–3, d–1
(C) a–3, b–4, c–5, d–1
(D) a–5, b–4, c–1, d–2

**3. નીચેનામાંથી કયું વિધાન ખોટું છે ?**

(A) ગ્રહો સ્વયંપ્રકાશિત છે.
(B) ગ્રહો સૂર્યની આસપાસ ફરે છે.
(C) ચંદ્ર એ પૃથ્વીનો ઉપગ્રહ છે.
(D) ગ્રહોની કુલ સંખ્યા 8 છે.

**4. સૌરપરિવારના કયા બે ગ્રહની વચ્ચે સૌથી ચમકતો ગ્રહ આવેલો છે?**

(A) બુધ અને પૃથ્વી
(B) મંગળ અને શનિ
(C) શુક્ર અને મંગળ
(D) પૃથ્વી અને મંગળ

**5. ગ્રહ અને તેની વિશેષતા બાબતે કઈ જોડ અયોગ્ય છે?**

(A) શનિ– પાઘડીયો ગ્રહ
(B) નેપ્ચ્યુન–મિથેન વાયુ ધરાવતો ગ્રહ
(C) બુધ– સૂર્યની સૌથી નજીકનો ગ્રહ
(D) મંગળ– લીલા રંગનો ચમકતો ગ્રહ

**6. રમેશનું વજન પૃથ્વી પર 10 કિ.ગ્રા. છે તો સૂર્યની સપાટી પર તેનું વજન કેટલું થશે ?**

(A) 28 કિગ્રા
(B) 18 કિગ્રા
(C) 280 કિગ્રા.
(D) 180 કિગ્રા.

**7. નીચેનામાંથી કયો ગ્રહ લાલ રંગનો ચમકતો ગ્રહ છે ?**

(A) શુક્ર
(B) શનિ
(C) મંગળ
(D) નેપચ્યુન

**8. મને 'સજીવોના પાલક' તરીકે ઓળખવામાં આવે છે ?**

(A) સૂર્ય (B) ચંદ્ર

(C) પૃથ્વી (D) ઉપર પૈકી એક પણ નહીં

**9. સૂર્યના પ્રકાશની ધરતી પર પહોચતા ..........................સમય લાગે છે.**

(A) સવા સાત મિનિટનો (B) સવા નવ મિનિટનો

(C) સવા આઠ મિનિટનો (D) સવા છ મિનિટનો

**10. પૃથ્વીના ઉપગ્રહ તરીકે કોને ઓળખવામાં આવે છે ?**

(A) ગુરુ (B) મંગળ

(C) ચંદ્ર (D) શુક્ર

**11. સૂર્યનું મુખ્ય આવરણ કયા વાયુનું બનેલું છે ?**

(A) ઑક્સિજન (B) હાઈડ્રોજન

(C) મિથેન (D) હિલિયમ

**12. નીચેના પૈકી કયો ગ્રહ આંતરિક ગ્રહ નથી ?**

(A) બુધ (B) મંગળ

(C) ગુરુ (D) શુક્ર

**13. કયો ગ્રહ સૂર્યમંડળનો સૌથી મોટો ગ્રહ છે ?**

(A) મંગળ (B) બુધ

(C) શુક્ર (D) ગુરુ

**14. વિલિયમ હર્ષલ નામના ખગોળશાસ્ત્રી કયા ગ્રહની શોધ કરી હતી ?**

(A) યુરેનસ (B) નેપ્ચ્યુન

(C) ગુરુ (D) પૃથ્વી

**15. કયા ગ્રહ પર પૃથ્વીની જેમ ઋતુપરિવર્તન થતું જોવા મળે છે ?**

(A) નેપ્ચ્યુન (B) બુધ

(C) પૃથ્વી (D) શુક્ર

**16. કયા ગ્રહને દૂરબીનથી જોતાં તેની ટપકાંવાળી સપાટી મનોહર લાગે છે ?**

(A) બુધ (B) મંગળ

(C) ગુરુ (D) શુક્ર

**17. નીચેના પૈકી કઈ વિગત મંગળ ગ્રહ માટે સાચી નથી ?**

(A) તે લાલ રંગનો સુંદર ચમકતો ગ્રહ છે. (B) તેને આછું વાતાવરણ છે.

(C) તે પૃથ્વીની પ્રદક્ષિણા કરે છે. (D) વૈજ્ઞાનિકો તેના પર જીવસૃષ્ટિ વિકસાવવાના પ્રયત્નો કરી રહ્યા છે.

**18. કયો ગ્રહ તેના સુંદર વલયોના કારણે જુદો તરી આવે છે ?**

(A) શુક્ર (B) શનિ

(C) મંગળ (D) શુક્ર

**19. સૌથી વધુ ઉપગ્રહો ધરાવતો ગ્રહ કયો છે ?**

(A) શનિ (B) બુધ

(C) શુક્ર (D) ગુરુ

**20. કયો ગ્રહ સૂર્યોદય પહેલા અને સૂર્યાસ્ત પછી થોડા સમય આકાશમાં જોઈ શકાય છે ?**

(A) શનિ (B) બુધ

(C) શુક્ર (D) ગુરુ

## (b) ખાલી જગ્યા (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

1. આપણી પૃથ્વીએ ________________ પરિવારની સભ્ય છે.
2. પૃથ્વીના ગુરુત્વાકર્ષણ કરતાં સૂર્યનું ગુરુત્વાકર્ષણબળ ________________ ગણું વધારે છે.
3. સૌરપરિવારમાં કુલ ________________ ગ્રહો છે.
4. વૈજ્ઞાનિકો ________________ ગ્રહ ઉપર જીવનસૃષ્ટિ વિકસાવવાના પ્રયત્નો કરી રહ્યા છે.
5. નક્ષત્રોની કુલ સંખ્યા ________________ છે
6. આપણી પૃથ્વી એ ________________ પરિવારની સભ્ય છે.
7. પૃથ્વીના ગુરુત્વાકર્ષણ કરતાં સૂર્યનું ગુરુત્વાકર્ષણબળ ________________ ગણું વધારે છે.
8. સૌરપરિવારમાં કુલ ________________ ગ્રહો છે.
9. સૂર્ય ___________ તારામંડળનો સ્વયંપ્રકાશિત તારો છે.
10. __________ ની સપાટી પર ઉલ્કાપાત થતાં જ રહે છે.
11. શનિને '_____________' ગ્રહ પણ કહે છે.
12. ___________ ગ્રહને પૃથ્વીના જોડિયા ભાઈ તરીકે ઓળખવામાં આવે છે.
13. પૃથ્વી પર સમગ્ર જીવસૃષ્ટિનું જીવન _____________ની ઊર્જાશક્તિ પર આધારિત છે.
14. ______________ માં સૂર્ય, ગ્રહો, ઉપગ્રહો, લઘુગ્રહો, ધૂમકેતુઓ, ઉલ્કાઓ વગેરેનો સમાવેશ થાય છે.
15. __________ ગ્રહને ભીમકાય ગ્રહ તરીકે પણ ઓળખવામાં આવે છે.

## (c) ખરા–ખોટા વિધાન (દરેકનો એક–એક ગુણ)

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે લખો. જો વિધાન ખોટું હોય તો સાચું વિધાન ફરીથી લખો.**

1. બુધને વાતાવરણ અને ઉપગ્રહ નથી.
2. ચંદ્ર સ્વયંપ્રકાશિત છે.
3. ચંદ્ર સન્માનિત તારો છે.
4. મંગળ લાલ રંગનો ચમકતો ગ્રહ છે.

5. ગુરુની આસપાસ વાયુઓનું વાતાવરણ છે.
6. શનિ ગ્રહ ગુરુ અને યુરેનસની વચ્ચે આવેલો છે.
7. પૃથ્વી સૂર્યની ફરતે લગભગ 30 દિવસમાં એક આંટો પૂરો કરે છે.
8. નેપ્ચ્યુન ગ્રહના વાતાવરણમાં મિથેન નામનો ઝેરી વાયુ છે.
9. સૂર્યની સપાટી હંમેશા સ્થિર રહે છે.
10. વાયુઓ અને વાદળોના ઘટ્ટ આવરણોને કારણે શુક્ર ગ્રહનો બહુ અભ્યાસ થઈ શક્યો નથી.

## (d) જોડકા જોડો.

- **'A' વિભાગની વિગતોને 'B' વિભાગ સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો.**

**1.**

| વિભાગ A | | વિભાગ B | |
|---|---|---|---|
| 1. | સૂર્ય | A. | વિલિયમ હર્ષલ |
| 2. | શનિ | B. | જીવસૃષ્ટિની સંભાવના |
| 3. | મંગળ | C. | સુંદર દેખાતો ગ્રહ |
| 4. | ગુરુ | D. | તારો |
| 5. | યુરેનસ | E. | સૌથી મોટો ગ્રહ |

## (e) મને ઓળખો

- **મને ઓળખો.**

1. હું સજીવોના પાલક તરીકે ઓળખાઉ છું.
2. મને પાઘડીયા ગ્રહ તરીકે ઓળખવામાં આવે છે.
3. મને ભીમકાય ગ્રહ તરીકે ઓળખવામાં આવે છે.
4. હું સપ્તર્ષિના ઝૂમખાની મદદથી સરળતાથી મળી શકું છું.
5. હું સજીવોના પાલક તરીકે ઓળખાઉ છું.
6. મને પાઘડીયો ગ્રહ તરીકે ઓળખવામાં આવે છે.
7. સૌરપરિવારમાં મને સૌથી વધારે ઉપગ્રહો છે.
8. મને પૃથ્વીની આસપાસ એક આંટો પૂરો કરતાં 27 દિવસ લાગે છે.
9. હું સૂર્યની સૌથી નજીક આવેલ ગ્રહ છું.
10. અશ્વિની, રેવતી, વિશાખા, રોહિણી વગેરે મારા નામ છે.

# (બ) અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) એક વાક્યમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

**1.** સૌરપરિવારમાં કુલ કેટલા ગ્રહો છે ?
**2.** સૂર્ય પૃથ્વી કરતાં લગભગ કેટલા ગણો મોટો છે ?

3. ધ્રુવનો તારો કઈ દિશામાં જોવા મળે છે ?
4. ચંદ્રને કોના તરફથી પ્રકાશ મળે છે ?
5. સૂર્યનું મુખ્ય આવરણ કયા વાયુનું બનેલું છે ?
6. કયો ગ્રહ સૂર્યની સૌથી દૂર આવેલો છે ?
7. મહારાષ્ટ્રનું કયું સરોવર ઉલ્કા પડવાથી બનેલું છે ?
8. કુલ નક્ષત્રોની સંખ્યા કેટલી છે ?
9. કયા ગ્રહને સૌથી વધુ ઉપગ્રહો છે ?
10. કયો ગ્રહ કદ અને વજનમાં પૃથ્વી જેટલો જ છે ?

## (ક) ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના બે–બે ગુણ)

### (a) બે–ત્રણ વાક્યમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના બે–ત્રણ વાક્યમાં જવાબ લખો.**

1. સૌરમંડળમાં કોનો કોનો સમાવેશ થાય છે ?
2. સૌરપરિવારના આંતરિક ગ્રહોના નામ જણાવો.
3. સૌરપરિવારના બાહ્ય ગ્રહોના નામ જણાવો.
4. ઉલ્કા એટલે શું ?
5. દક્ષિણ ગોળાર્ધમાં ધ્રુવનો તારો શાથી જોઈ શકાતો નથી ?
6. કારણ આપો : સૂર્યને 'સજીવોના પાલક' તરીકે ઓળખવામાં આવે છે.
7. તફાવત લખો: તારા અને ગ્રહ
8. સૌરપરિવારના એકમાત્ર જીવસૃષ્ટિ વિકાસ પામેલ ગ્રહ પૃથ્વીનો પરિચય આપો.
9. વૈજ્ઞાનિકો મંગળ ગ્રહ પર જીવસૃષ્ટિ વિકસાવવાના પ્રયત્નો શાથી કરી રહ્યા છે ?
10. વાતાવરણમાં પ્રવેશતા જ ઉલ્કા શાથી સળગી ઉઠે છે ?

## (ડ) નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના ત્રણ ગુણ)

### (a) ટૂંક નોંધ

- **ટૂંક નોંધ લખો.**

1. સૌરપરિવાર
2. નક્ષત્રો
3. ઉલ્કા

| | |
|---|---|
| **LO : SS602** | પૃથ્વીને જીવ અસ્તિત્વ તથા વિવિધ કટિબંધો સંદર્ભે વિશિષ્ટ અવકાશીય પદાર્થ તરીકે ઓળખે છે. |

## (અ) હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) MCQ (બહુ વિકલ્પ પ્રશ્નો)

- **નીચે આપેલ પ્રશ્નોના આપેલ વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

**1. નીચેનામાંથી કોનો સમાવેશ કટિબંધમાં થાય છે ?**

(A) ઉષ્ણકટિબંધ (B) સમશીતોષ્ણકટિબંધ


(C) શીતકટિબંધ (D) શીતોષ્ણકટિબંધ

**2. જો તમે વિષુવવૃતની આજુબાજુના વિસ્તારમાં રહો છો, તો ત્યાં ક્યો કટિબંધ અનુભવાશે ?**

(A) ઉષ્ણ કટિબંધ (B) સમશીતોષ્ણ કટિબંધ

(C) શીત કટિબંધ (D) આપેલ ત્રણેય

**3. નીચે આપેલ આકૃતિમાં દર્શાવેલ ભાગ △ એ ક્યો કટિબંધ દર્શાવે છે ?**




(A) ઉષ્ણ કટિબંધ (B) સમશીતોષ્ણ કટિબંધ

(C) શીત કટિબંધ (D) આપેલ ત્રણેય

**4. મારા કટિબંધ પર આવેલા પ્રદેશોમાં ખૂબ ઠંડી પડે છે ?**

(A) ઉષ્ણ કટિબંધ (B) સમશીતોષ્ણ કટિબંધ

(C) શીત કટિબંધ (D) આપેલ ત્રણેય

**5. $23.5^0$ ઉત્તર અક્ષાંશથી $23.5^0$ દક્ષિણ અક્ષાંશ વચ્ચે કયો કટિબંધ આવે છે ?**

(A) સમશીતોષ્ણ કટિબંધ (B) ઉષ્ણ કટિબંધ

(C) શીત કટિબંધ (D) માત્ર A અને B

**6. $90^0$ ઉત્તર અક્ષાંશ વૃત =..........................................= શીત કટિબંધ. આ વાક્યમાં સમાનતા દર્શાવવા નીચેના માંથી કયો વિકલ્પ પસંદ કરશો ?**

(A) ઉત્તર ધ્રુવવૃત (B) વિષુવવૃત્ત

(C) ઉત્તર ધ્રુવ (D) દક્ષિણ ધ્રુવ

**7. સૂર્યનો ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત વર્ષમાં બે વખત એકબીજાને છેદે છે. આ છેદનબિંદુને .................. કહે છે.**

(A) સંપાત દિવસ (B) ક્રાંતિ દિવસ

(C) દક્ષિણાયન (D) ઉતરાયણ

**8. સૂર્યના કિરણો __________ અને __________ વચ્ચે લગભગ 'સીધાં' પડે છે.**

(A) વિષુવવૃત્ત – ઉત્તર ધ્રૃવ (B) કર્કવૃત્ત – મકરવૃત્ત


(C) વિષુવવૃત્ત – દક્ષિણ ધ્રૃવ (D) ઉત્તર ધ્રૃવવૃત્ત – ઉત્તર ધ્રૃવ

**9. પૃથ્વીને નીચેના પૈકી કયા આધારે જુદા–જુદા ભાગમાં વહેંચવામાં આવી નથી ?**

(A) તાપમાન (B) પ્રકાશ

(C) નારંગી જેવો આકાર (D) ગરમી અને ઠંડી

**10. નીચે આપેલ આકૃતિમાં દર્શાવેલ ભાગ △ એ ક્યો કટિબંધ દર્શાવે છે ?**




(A) ઉષ્ણ કટિબંધ (B) સમશીતોષ્ણ કટિબંધ

(C) શીત કટિબંધ (D) આપેલ ત્રણેય

**11. ઉષ્ણ કટિબંધ માટે કયું વિધાન લાગુ પડતું નથી ?**

(A) કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચે આવેલ છે. (B) આ ભાગમાં ખૂબ જ ગરમી પડે છે.

(C) માત્ર A સાચું છે. (D) A અને B બંને સાચા છે.

**12. સમશીતોષ્ણ કટિબંધ માટે કયું વિધાન લાગુ પડે છે ?**

(A) ખૂબ જ ગરમી પડે છે. (B) ખૂબ જ ઠંડી પડે છે.

(C) ગરમી અને ઠંડી સપ્રમાણ હોય છે. (D) કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચે આવેલ છે.

**13. શીત કટિબંધ માટે કયું વિધાન લાગુ પડે છે ?**

(A) $23.5^0$ ઉ.અ. થી $23.5^0$ દ.અ. (B) $23.5^0$ ઉ.અ. થી $66.5^0$ ઉ.અ.


(C) $66.5^0$ ઉ.અ. થી $90^0$ ઉ.અ. (D) $23.5^0$ દ.અ. થી $66.5^0$ દ.અ.

**14. ભારત દેશનો મોટો ભાગ કયા કટિબંધમાં આવેલ છે ?**

(A) ઉષ્ણ કટિબંધ (B) સમશીતોષ્ણ કટિબંધ

(C) શીત કટિબંધ (D) એક પણ નહીં

**15. નીચે આપેલ આકૃતિમાં દર્શાવેલ ભાગ △ એ ક્યો કટિબંધ દર્શાવે છે ?**




(A) ઉષ્ણ કટિબંધ

(B) સમશીતોષ્ણ કટિબંધ

(C) શીત કટિબંધ

(D) આપેલ ત્રણેય

## (b) ખાલી જગ્યા (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

1. તાપમાન, પ્રકાશ, ગરમી અને ઠંડીના આધારે પૃથ્વીને જુદા–જુઆ વિભાગોમાં વહેંચાઈ જાય છે, જેને ' ___________' કહે છે.
2. __________ કટિબંધમાં ખૂબ જ ગરમી હોય છે.
3. સૂર્યનો ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત વર્ષમાં _____ વખત એકબીજાને છેદે છે.
4. સપ્રમાણ ગરમી અને ઠંડી __________ કટિબંધમાં હોય છે.
5. કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચે__________ કટિબંધ આવેલ છે.
6. વિષુવવૃત્તની ઉત્તરમાં કર્કવૃત્ત સુધી તેમજ દક્ષિણમાં મકરવૃત્ત સુધી દેખાતી સૂર્યની ગતિને ________ કહેવાય છે.
7. __________ કટિબંધમાં ખૂબ જ ઠંડી હોય છે.
8. $66.5^0$ ઉ.અ. થી $90^0$ ઉ.અ. વચ્ચે ____________ કટિબંધ છે.
9. સૂર્યના કિરણો કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચે લગભગ ________ પડે છે.
10. $23.5^0$ ઉ.અ. થી $23.5^0$ દ.અ. વચ્ચે ____________ કટિબંધ છે.

## (c) ખોટો શબ્દ(દરેકનો એક–એક ગુણ)

- **નીચેના વિધાનોમાં ખોટો શબ્દ છેકી વાક્ય સાચું બને તે રીતે ફરીથી લખો.**

1. **શીત / સમશીતોષ્ણ** કટિબંધમાં ખૂબ જ ઠંડી પડે છે.
2. સૂર્યનો ક્રાંતિવૃત્ત અને વિષુવવૃત વર્ષમાં **બે/ત્રણ** વખત એકબીજાને છેદે છે.
3. $23.5^0$ ઉ.અ. થી $23.5^0$ દ.અ. વચ્ચે **ઉષ્ણ / સમશીતોષ્ણ** કટિબંધ છે.
4. સપ્રમાણ ગરમી અને ઠંડી **ઉષ્ણ / સમશીતોષ્ણ** કટિબંધમાં હોય છે.
5. સૂર્યના કિરણો કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચે લગભગ **સીધાં / ત્રાંસા** પડે છે.
6. $66.5^0$ ઉ.અ. થી $90^0$ ઉ.અ. વચ્ચે **શીત / સમશીતોષ્ણ** કટિબંધ છે.
7. સમશીતોષ્ણ કટિબંધ કર્કવૃત્ત થી **મકરવૃત્ત / ઉત્તર ધ્રુવવૃત્ત**ની વચ્ચે આવેલ છે.

8. **ઉષ્ણ / સમશીતોષ્ણ** કટિબંધમાં ખૂબ જ ગરમી હોય છે.
9. ભારત દેશનો મોટો ભાગ **શીત / સમશીતોષ્ણ** કટિબંધમાં આવેલ છે.
10. જો તમે વિષુવવૃતની આજુબાજુના વિસ્તારમાં રહો છો, તો ત્યાં **ઉષ્ણ / સમશીતોષ્ણ** કટિબંધ અનુભવાશે.

## (d) જોડકા જોડો.

- **'A' વિભાગની વિગતોને 'B' વિભાગ સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો.**

**1.**

| **વિભાગ A** | **વિભાગ B** |
|---|---|
| 1. શીત કટિબંધ | A. ખૂબ જ ગરમી |
| 2. ઉષ્ણ કટિબંધ | B. સપ્રમાણ ગરમી–ઠંડી |
| 3. સમશીતોષ્ણ કટિબંધ | C. અતિશય ઠંડી |

## (બ) અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) વર્ગીકરણ કરો. (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલાં રાજ્યોને ઉષ્ણકટિબંધ અને સમશીતોષ્ણ કટિબંધમાં વર્ગીકૃત કરો.**

**( હિમાચલ પ્રદેશ, કેરલ, બિહાર, મહારાષ્ટ્ર, અસમ ,પંજાબ, તેલંગાણા, તમિલનાડુ, ગુજરાત, મિઝોરમ)**

| ઉષ્ણ કટિબંધ | સમશીતોષ્ણ કટિબંધ |
|---|---|
| | |

- **આપેલ વિધાનો પૃથ્વીના કયા કટિબંધ સાથે સુસંગત છે તે વર્ગીકરણ કરો.**

અતિશય ગરમી, આખું વર્ષ સૂર્યના કિરણો અત્યંત ત્રાંસા પડે છે,
સખત ઠંડી, સૂર્યના કિરણો બારેમાસ સીધાં પડે,
સપ્રમાણ ગરમી – ઠંડી, $23.5^0$ ઉત્તર અક્ષાંશ થી $23.5^0$ દક્ષિણ અક્ષાંશ વચ્ચે આવેલો વિસ્તાર,

| ઉષ્ણ કટિબંધ | સમશીતોષ્ણ કટિબંધ | શીત કટિબંધ |
|---|---|---|
| | | |

## (ક) ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના બે–બે ગુણ)

### (a) બે–ત્રણ વાક્યમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના બે–ત્રણ વાક્યમાં જવાબ લખો.**

1. કટિબંધો કેટલા છે ? કયા કયા ?
2. અયન એટલે શું ?
3. સૂર્યના કિરણો કર્કવૃત્ત અને મકરવૃત્ત પર સીધાં પડે છે. શાથી ?
4. શા કારણે શીત કટિબંધમાં અતિશય ઠંડી હોય છે ?
5. તફાવત આપો : ઉષ્ણ કટિબંધ અને સમશીતોષ્ણ કટિબંધ
6. તફાવત આપો : ઉષ્ણ કટિબંધ અને શીત કટિબંધ
7. તફાવત આપો : શીત કટિબંધ અને સમશીતોષ્ણ કટિબંધ
8. ઉષ્ણ કટિબંધમાં અતિશય ગરમી પડવાનું કારણ શું છે ?

## (ડ) નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના ત્રણ ગુણ)

### (a) ટૂંક નોંધ

- **ટૂંક નોંધ લખો.**

1. કટિબંધો
2. અયનવૃત્તો

| LO : SS603 | દિવસ–રાત અને ઋતુ પરિવર્તન દર્શાવે છે. |
|---|---|

## (અ) હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) MCQ (બહુ વિકલ્પ પ્રશ્નો)

- **નીચે આપેલ પ્રશ્નોના આપેલ વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

**1. નીચેનામાંથી કઈ બાબત ખોટી છે ?**

(A) 21મી જૂન એ સૌથી લાંબામાં લાંબો દિવસ છે. (B) 22મી ડિસેમ્બરે સૌથી ટૂંકી રાત્રિ હોય છે.

(C) 21મી માર્ચે સરખા દિવસ–રાત હોય છે. (D) 14મી જાન્યુઆરીએ સૂર્ય ધન રાશિમાં પ્રવેશે છે.

**2. હું મારી ધરી પર 23.5°નો ખૂણો બનાવું છું ?**

(A) સૂર્ય (B) ચંદ્ર

(C) મંગળ (D) પૃથ્વી

**3. જો 2024 માં ફેબ્રુઆરી માસના દિવસો 29 હશે તો 2025 માં ફેબ્રુઆરી માસના કેટલા દિવસો હશે ?**

(A) 30 (B) 31

(C) 28 (D) 29

**4. પૃથ્વી પોતાની ધરી પર કઈ દિશામાં ફરે છે ?**

(A) પૂર્વ થી પશ્ચિમ (B) ઉત્તર થી દક્ષિણ

(C) પશ્ચિમ થી પૂર્વ (D) દક્ષિણ થી ઉત્તર

**5. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે તેની આ ગતિને કઈ ગતિ કેહવાય છે ?**

(A) પરિભ્રમણ (B) દૈનિકગતિ

(C) પરિક્રમણ (D) ચક્રીયગતિ

**6. પૃથ્વી વિષુવવૃત્ત પર કલાકના કેટલા કિલોમીટરની ઝડપે એક ચક્ર પૂર્ણ કરે છે ?**

(A) 1670 (B) 1760

(C) 1067 (D) 1076

**7. અવકાશમાં પૃથ્વીને સૂર્યની આસપાસ ચક્કર લગાવવાનો એક કાલ્પનિક માર્ગ નક્કી થયેલો છે, જેને શું કહેવામાં આવે છે ?**

(A) કક્ષા (B) ભ્રમણમાર્ગ

(C) પરિક્રમા (D) ચક્રમાર્ગ

**8. નીચેના પૈકી કયું વિધાન પૃથ્વીની પરિક્રમણ ગતિને લાગુ પડતું નથી ?**

(A) એક ચક્ર પૂર્ણ કરતાં લગભગ 365 દિવસ લાગે છે. (B) પૃથ્વી સૂર્યની ફરતે ચક્કર લગાવે છે.

(C) આ ગતિને કારણે પૃથ્વી પર ઋતુઓ થાય છે. (D) પૃથ્વીનો નારંગી જેવો ગોળ આકાર બનવાવમાં આ ગતિનો મહત્વનો ભાગ છે.

**9. પૃથ્વીની કઈ ગતિના લીધે દિવસ–રાત થાય છે ?**

(A) પરિક્રમણ (B) પરિભ્રમણ

(C) દૈનિક ગતિ (D) B અને C બંને

**10. 22મી ડિસેમ્બરથી સૂર્યના કિરણો ___________ તરફ સીધાં પાડવાના શરૂ થાય છે.**

(A) કર્કવૃત્ત (B) મકરવૃત્ત

(C) વિષુવવૃત્ત (D) ઉત્તર ધ્રુવવૃત્ત

**11. 14મી જાન્યુઆરીએ સૂર્ય કઈ રાશિમાં પ્રવેશ કરે છે ?**

(A) તુલા (B) મકર

(C) સિંહ (D) ધન

**12. '21મી માર્ચ' અને '23મી સપ્ટેમ્બર'ના દિવસને કયા દિવસ તરીકે ઓળખવામાં આવે છે ?**

(A) સરખા રાત દિવસ (B) સૌથી લાંબા દિવસો

(C) વિષુવદિન (D) સૌથી ટૂંકા દિવસો

**13. લીપવર્ષ દર કેટલા વર્ષે હોય છે ?**

(A) 4 (B) 5

(C) 6 (D) 7

**14. નીચેના વિધાન પૈકી કયું વિધાન સાચું છે ?**

વિધાન – 1 : વધારે સૂર્યપ્રકાશ મેળવતા વિસ્તારોમાં ઉનાળો અનુભવાય છે.

વિધાન – 2 : 22મી ડિસેમ્બર ઉત્તર ગોળાર્ધમાં સૌથી લાંબો દિવસ હોય છે.

(A) વિધાન – 1 સાચું છે. (B) વિધાન – 2 સાચું છે.

(C) બંને વિધાનો ખોટા છે. (D) બંને વિધાનો સાચાં છે.

**15. પૃથ્વીની પરિભ્રમણ ગતિ માટે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?**

(A) એક ચક્ર પૂર્ણ કરતાં 24 કલાક જેટલો સમય લાગે છે. (B) વિષુવવૃત્ત પર 1670 કિમીની ઝડપે એક ચક્ર પૂર્ણ કરે છે.

(C) આ ગતિને લીધે પૃથ્વી પર રાત–દિવસ લાંબા ટૂંકા થાય છે. (D) આ ગતિને લીધે પૃથ્વી પર રાત–દિવસ થાય છે.

**16. ઉત્તર ગોળાર્ધમાં જ્યારે ઉનાળો હોય ત્યારે દક્ષિણ ગોળાર્ધમાં કઈ ઋતુ હશે ?**

(A) ઉનાળો (B) શિયાળો

(C) ચોમાસું (D) પાછા ફરતા મોસમી પવાનોની ઋતુ

**17. પૃથ્વીના ધરી નમનના લીધે પૃથ્વી પર રાતદિવસની ઘટનામાં શું ફેરફાર થાય છે ?**

(A) દિવસ–રાત સરખા રહે છે. (B) દિવસ–રાતની લંબાઈમાં ફેરફાર થાય છે.

(C) બંને વિધાનો સાચાં છે. (D) માત્ર B માં આપેલ વિધાન સાચું છે.

**18. પૃથ્વી પોતાની ધરી પર ફરે છે, આ ગતિને શું કહેવાય છે ?**

(A) પરિભ્રમણ (B) દૈનિક ગતિ

(C) પરિક્રમણ (D) A અને B બંને

**19. પૃથ્વી પોતાની ધરી પર ચક્કર લગાવવાની સાથે સાથે સૂર્યની આસપાસ પરિક્રમા કરે છે, જેને શું કહે છે ?**

(A) વાર્ષિક ગતિ (B) દૈનિક ગતિ

(C) પરિભ્રમણ (D) ધરીભ્રમણ

**20. પૃથ્વીની કક્ષા કેવા આકારની છે ?**

(A) વર્તુળાકાર (B) લંબગોળાકાર

(C) A અને B બંને સાચું (D) A અને B બંને ખોટું

## (b) ખાલી જગ્યા (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

1. પૃથ્વી પોતાની ધરી પર _______ દિશામાં ફરે છે.
2. વર્ષભર પૃથ્વી અને ________ વચ્ચેનું અંતર એકસરખું હોતું નથી.
3. પૃથ્વી પોતાની ધરી પર ________ કલાકમાં એક આંટો પૂરો કરે છે.
4. પૃથ્વીનો આકાર _________ જેવો છે.
5. ઓછો સૂર્યપ્રકાશ મેળવતા વિસ્તારોમાં _________ ઋતુ અનુભવાય છે.
6. 22મી જૂનથી સૂર્યનાં કિરણો કર્કવૃત્તથી ખસીને દક્ષિણ તરફ વિષુવવૃત્ત તરફ પડવાનું શરૂ થાય છે જેને _________ કહે છે.
7. સૂર્યનો ક્રાંતિવૃત અને વિષુવવૃત્ત વર્ષમાં એકબીજાને __________ વાર છેદે છે.
8. ઉત્તર ગોળાર્ધમાં _________ વર્ષનો સૌથી લાંબામાં લાંબો દિવસ હોય છે.
9. પૃથ્વીનું એક વર્ષ એટલે __________ દિવસ અને _________ કલાક.
10. જો ભારતમાં ઉનાળો હોય તો તે સમયે ઓસ્ટ્રેલીયામાં _____________ ઋતુ હશે.
11. પૃથ્વી પરનું દરેક સ્થળ ________ કલાકમાં અજવાળાથી અંધારમાં અને અંધારામાંથી પાછું અજવાળામાં આવે છે.
12. પૃથ્વી પોતાની ધરી પર _______ અંશના ખૂણે નમેલી છે.
13. પૃથ્વી પોતાની ધરી પર નમેલી અને ગોળ હોવાથી તેના ________ ભાગ પર જ સૂર્યનો પ્રકાશ પડે છે.
14. પૃથ્વી પોતાની કક્ષા સાથે ________ અંશનો ખૂણો બનાવીને ફરે છે.
15. 14મી જાન્યુઆરીએ સૂર્ય ______________ રાશિમાં પ્રવેશ કરે છે.

## (c) ખરા–ખોટા વિધાન (દરેકનો એક–એક ગુણ)

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે લખો. જો વિધાન ખોટું હોય તો સાચું વિધાન ફરીથી લખો.**

1. પૃથ્વી પોતાની ધરી પર પૂર્વથી પશ્ચિમ દિશામાં ફરે છે.
2. 21 જૂને મકરવૃત્ત પર અને 22 ડિસેમ્બરે કર્કવૃત્ત પર સૂર્યનાં કિરણો બરાબર સીધાં પડે છે.

3. પૃથ્વીની વાર્ષિક ગતિના કારણે દિવસ–રાતની લંબાઈમાં ફેરફાર થાય છે.
4. વર્ષભર પૃથ્વી અને સૂર્ય વચ્ચેનું અંતર સરખું હોય છે.
5. પૃથ્વીની દૈનિક ગતિના લીધે જ દિવસ અને રાત થાય છે.
6. પૃથ્વીને પોતાની ધરી પર એક ચક્ર પૂર્ણ કરતાં 365 દિવસ લાગે છે.
7. લીપવર્ષમાં કુલ 366 દિવસ હોય છે.
8. પૃથ્વીની કક્ષા વર્તુળાકાર નહીં પરંતુ લંબગોળાકાર છે.
9. પૃથ્વી વિષુવવૃત્ત પર કલાકના 1760 કિમીની ઝડપે એક ચક્ર પૂર્ણ કરે છે.
10. 21 મી માર્ચ અને 23મી સપ્ટેમ્બરને સંપાત(વિષુવદિન) દિવસ કહી શકાય.

## (d) જોડકા જોડો.

- **'A' વિભાગની વિગતોને 'B' વિભાગ સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો.**

**1.**

| વિભાગ A | | વિભાગ B |
|---|---|---|
| 1. | પરિભ્રમણ | A. ફેબ્રુઆરીમાં 29 દિવસ |
| 2. | પરિક્રમણ | B. રાત–દિવસ |
| 3. | લીપવર્ષ | C. 21મી જૂન |
| 4. | ઉત્તર ગોળાર્ધમાં લાંબામાં લાંબો દિવસ | D. 21મી માર્ચ |
| 5. | સરખા રાત દિવસ | E. ઋતુઓમાં ફેરફાર |

## (બ) અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) એક વાક્યમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

**1.** પરિભ્રમણ એટલે શું ?
**2.** પરિક્રમણ એટલે શું ?
**3.** કક્ષા એટલે શું ?
**4.** સૂર્યનાં સીધાં કિરણો કર્કવૃત્ત પર બરાબર સીધાં ક્યારે પડે છે ?
**5.** પૃથ્વી પોતાની ધરી પર કેટલા અંશના ખૂણે નમેલી છે?
**6.** ઉત્તરાયણ એટલે શું ?
**7.** ઉત્તર ગોળાર્ધમાં શિયાળો અનુભવાય તે જ સમયે દક્ષિણ ગોળાર્ધમાં કઈ ઋતુ અનુભવાય છે ?
**8.** જ્યાં સૂર્યના કિરણો ત્રાંસા પડે છે ત્યાં દિવસ લાંબા હશે કે ટૂંકા ?
**9.** સૂર્યનાં સીધાં કિરણો મકરવૃત્ત પર બરાબર સીધાં ક્યારે પડે છે ?
**10.** દક્ષિણાયન એટલે શું ?

**11.** સૂર્યમંડળના ક્યાં ગ્રહ પર દિવસ–રાત અને ઋતુઓ જેવી ઘટનાઓ જોવા મળે છે?

## (ક) ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના બે–બે ગુણ)

## (a) બે–ત્રણ વાક્યમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના બે–ત્રણ વાક્યમાં જવાબ લખો.**

**1.** પૃથ્વીની ગતિઓ કેટલી છે ? કઈ કઈ ?

**2.** વિષુવદિન તરીકે કયા દિવસો ઓળખાય છે ?

**3.** દિવસ–રાત લાંબા ટૂંકા કેમ થાય છે ?

**4.** પૃથ્વી પર ઋતુઓ કેટલી છે ? કઈ કઈ ?

**5.** તફાવત લખો : પરિક્રમણ અને પરિભ્રમણ

**6.** પૃથ્વી પર રાત–દિવસ કેવી રીતે થાય છે ?

**7.** જો પૃથ્વી સુર્યની આસપાસ ન ફરે તો શું થાય?

**8.** પૃથ્વી પર ઋતુઓ બદલાય છે. – વિધાન સમજાવો

**9.** ફેબ્રુઆરી માસમાં ક્યારે 29 દિવસ હોય છે ? કેમ?

## (ડ) નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના ત્રણ ગુણ)

## (a) ટૂંક નોંધ

- **ટૂંક નોંધ લખો.**

**1.** પરિભ્રમણ

**2.** પરિક્રમણ

**3.** સંપાત

| | |
|---|---|
| **LO : SS605** | પૃથ્વીના ગોળા અને વિશ્વના નકશા પર અક્ષાંશ–રેખાંશ, ધ્રુવો, વૃત્તો, આવરણો, ભારતના પાડોશી દેશો, ભારતના રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો વગેરે દર્શાવે છે. |

## (અ) હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) MCQ (બહુ વિકલ્પ પ્રશ્નો)

- **નીચે આપેલ પ્રશ્નોના આપેલ વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

**1. નીચેનામાંથી કઈ બાબત સાચી નથી?**

(A) રેખાંશવૃત્તોની કુલ સંખ્યા 360 છે. (B) અક્ષાંશવૃત્તોની કુલ સંખ્યા 181 છે.

(C) $23.5^0$ દ.અક્ષાંશવૃત્તને કર્કવૃત્ત કહે છે. (D) પૃથ્વી 66.5° ખૂણો બનાવીને ફરે છે.

**2. 0° અક્ષાંશવૃત્ત કયા નામે ઓળખાય છે?**

(A) ગ્રિનિચ રેખા (B) કર્કવૃત્ત

(C) વિષુવવૃત્ત (D) મકરવૃત્ત

**3. નીચેનામાંથી કયું 0° રેખાંશવૃત્ત છે?**

(A) ગ્રિનિચ રેખા (B) કર્કવૃત્ત

(C) વિષુવવૃત્ત (D) મકરવૃત

**4. 23.5° ઉ. અ. ને ક્યાં નામે ઓળખાય છે?**

(A) કર્કવૃત્ત (B) મકરવૃત્ત

(C) વિષુવવૃત્ત (D) ધ્રુવવૃત્ત

**5. કઈ સિસ્ટમ દ્વારા અક્ષાંશ રેખાંશ ખૂબ સહેલાઈથી જાણી શકાય છે?**

(A) GSP (B) GPS

(C) GCP (D) GPC

**6. કઈ રેખા ઓળંગતા દિવસ અને વાર બદલાય છે?**

(A) ગ્રીનીચ રેખા (B) આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા

(C) વિષુવવૃત્ત (D) ઉપર માંથી એક પણ નહીં

**7. કર્કવૃત્ત અને મકરવૃત્તની વચ્ચે આવેલા વૃત્તો કયા નામે ઓળખાય છે?**

(A) વિષુવવૃત્ત (B) ઉત્તર ધ્રુવ વૃત્ત

(C) દક્ષિણ ધ્રુવ વૃત્ત (D) અયન વૃત્ત

**8. સૂર્યના કિરણો નીચેનામાંથી કયા વૃત્ત પર સીધાં પડે છે?**

(A) વિષુવવૃત્ત (B) ઉત્તર ધ્રુવ વૃત્ત

(C) દક્ષિણ ધ્રુવ વૃત્ત (D) અયન વૃત્ત

**9. વિષુવવૃતથી 66.5°દ.અ. આવેલા વૃત્ત કયા નામે ઓળખાય છે?**

(A) ઉત્તર ધ્રુવ વૃત્ત (B) મકરવૃત્ત

(C) કર્કવૃત્ત (D) દક્ષિણ ધ્રુવ વૃત્ત

**10. આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા માટે નીચેના પૈકી કયું વિધાન સાચું નથી ?**

(A) તે પેસેફિક મહાસાગરમાંથી પસાર થાય છે.

(B) તે કેટલાક સ્થળોએ બરાબર 1800 પર નથી, વાંકીચૂકી છે.

(C) આ રેખા ઓળંગતા તારીખ અને વાર બદલાય છે.

(D) કુલ બે રેખાંશવત્તો મળીને આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા બનેલ છે.

## (b) ખાલી જગ્યા (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

1. અક્ષાંશવૃત્તોની કુલ સંખ્યા _______________ છે.
2. રેખાંશવૃત્તોની કુલ સંખ્યા _________________ છે.
3. 180° રેખાંશવૃત્તને _______________ નામે ઓળખવામાં આવે છે.
4. 0° અક્ષાંશવૃત્તને _________________ નામે ઓળખવામાં આવે છે.
5. આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા __________ મહાસાગરમાંથી પસાર થાય છે.
6. ________ રેખા એ પૃથ્વીના પૂર્વ અને પશ્ચિમ એમ બે ભાગ પાડે છે.
7. પૃથ્વીના ગોળા પર દોરેલી આડી રેખાઓને ____________ કહેવામાં આવે છે.
8. વિષુવવૃત્ત પૃથ્વીના _______ સરખા ભાગ કરે છે.
9. _______ સુવિધાવાળા માબાઈલ વડે જે–તે સ્થળના અક્ષાંશ–રેખાંશ મળી જાય છે.
10. આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખાના માર્ગમાં આવતી __________ બાજુ પર રાખી તેને સમુદ્ર તરફ ફેરવી છે.

## (c) જોડકા જોડો.

- **'A' વિભાગની વિગતોને 'B' વિભાગ સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો.**

**1.**

| વિભાગ A | વિભાગ B |
|---|---|
| 1. કર્કવૃત્ત | A. 360 |
| 2. મકરવૃત્ત | B. 0° રેખાંશવૃત્ત |
| 3. રેખાંશવૃત્તો | C. 23.5° ઉ. અક્ષાંશવૃત્ત |
| 4. ગ્રિનીચ રેખા | D. 90° ઉ. અક્ષાંશવૃત્ત |
| 5. ઉત્તર ધ્રુવ | E. 23.5° દ. અક્ષાંશવૃત્ત |

## (બ) અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) એક વાક્યમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

**1.** પૃથ્વીના ગોળા પર દોરેલી આડી રેખાઓને શું કહેવામાં આવે છે?

**2.** રેખાંશ એટલે શું?

3. કુલ રેખાંશ કેટલા છે?
4. અક્ષાંશવૃત્તોની સંખ્યા કેટલી છે?
5. 180° રેખાંશવૃત્ત કયા નામે ઓળખાય છે?
6. ' ગ્રિનીચ રેખા ' કયા દેશમાંથી પસાર થાય છે?
7. કઈ રેખા ઓળંગતા તારીખ અને વાર બદલાય છે?
8. વિષુવવૃત્તથી ઉપર તરફનો ભાગ કયા નામથી ઓળખાય છે ?
9. $23.5^0$ ઉ.અ. ને કયા નામથી ઓળખવામાં આવે છે ?
10. અયન એટલે શું ?

## (ડ) નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના ત્રણ ગુણ)

## (a) વિસ્તૃત પ્રશ્નો /મુદ્દાસર જવાબ

- **નીચેના પ્રશ્નોનું વિસ્તૃત વર્ણન કરો.**

1. આંતરરાષ્ટ્રીય દિનાંતર રેખા વાંકી ચૂકી દોરવામાં આવે છે. – કારણ આપો.
2. જીપીએસ સિસ્ટમની મદદથી કોઈ પણ સ્થળે સરળતાથી પહોંચી શકાય છે સમજાવો.
3. પૃથ્વીના ગોળા ઉપર આડી અને ઊભી દોરેલી કાલ્પનિક રેખાઓ વિશે સમજ આપો.
4. મુખ્ય અક્ષાંશવૃત્તો વિશે સમજ આપો.
5. ગ્રિનીચ રેખા વિશે સમજાવો.
6. એક વર્તુળ દોરી તેમાં મુખ્ય અક્ષાંશવૃત્તો દર્શાવો.
7. એક વર્તુળ દોરી મુખ્ય રેખાંશવૃત્તો દોરો.

| |
|---|
| **LO : SS608** ગ્રહણને લગતી અંધશ્રદ્ધાઓની વિવેચનાત્મક રીતે ચકાસણી કરે છે. |

## (અ) હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) MCQ (બહુ વિકલ્પ પ્રશ્નો)

- **નીચે આપેલ પ્રશ્નોના આપેલ વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

**1. સૂર્યગ્રહણ માટે નીચેનામાંથી કઈ બાબત સાચી નથી ?**

(A) સૂર્યગ્રહણ અમાસે થાય છે.
(B) પૃથ્વી અને સૂર્યની વચ્ચે ચંદ્ર આવી જાય છે.
(C) આખી દુનિયામાં સૂર્યગ્રહણ એક સાથે જોઈ શકાય છે.
(D) દર અમાસે આ ઘટના બનતી નથી.

**2. ચંદ્રને કોના તરફથી પ્રકાશ મળે છે ?**

(A) પૃથ્વી
(B) સૂર્ય
(C) તે સ્વયંપ્રકાશિત છે.
(D) ગ્રહણથી પ્રકાશિત થાય છે.

**3. ચંદ્રગ્રહણ કયા દિવસે થાય છે ?**

(A) પૂનમના દિવસે
(B) અમાસની રાત્રે
(C) અમાસના દિવસે
(D) પૂનમની રાત્રે

**4. નીચે આપેલ વિધાનો પૈકી કયું વિધાન સાચું છે ?**

**વિધાન – 1 : ચંદ્ર સૂર્ય કરતાં નાનો હોવાથી તે સૂર્યને સંપૂર્ણ ઢાંકી શકતો નથી.**

**વિધાન – 2 : સૂર્ય સ્વયંપ્રકાશિત છે અને ધગધગતો ગોળો છે.**

(A) વિધાન – 1 સાચું છે.
(B) વિધાન – 2 સાચું છે.
(C) બંને વિધાનો સાચાં છે.
(D) બંને વિધાનો ખોટાં છે.

**5. નીચેનામાંથી કઈ બાબત ચંદ્રગ્રહણને લાગુ પડતી નથી ?**

(A) સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ચંદ્ર આવે ત્યારે ચંદ્રગ્રહણની ઘટના બને છે.
(B) તે પૂનમની રાતે જ થાય છે.
(C) પૃથ્વી ચંદ્રને સંપૂર્ણપણે ઢાંકી શકતી નથી.
(D) દર પૂનમે ચંદ્રગ્રહણની ઘટના બનતી નથી.

## (b) ખાલી જગ્યા (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

1. ________ પૃથ્વીની સૌથી નજીક છે.
2. સૂર્યગ્રહણ _________ ના દિવસે થાય છે.
3. ચંદ્રગ્રહણ _________ ની રાતે થાય છે.
4. ચંદ્રના અંતરાયથી સૂર્ય દેખાતો બંધ થઈ જાય, આ ઘટનાને ___________ ગ્રહણ કહીએ છીએ.

5. ચંદ્ર સૂર્ય કરતાં નાનો હોવાથી _________ ને સંપૂર્ણ ઢાંકી શકતો નથી.
6. ચંદ્ર તરફ જતાં સૂર્યના કિરણોની વચ્ચે પૃથ્વીનો અવરોધ આવે ત્યારે _________ ની ઘટના બને છે.

## (c) ખરા–ખોટા વિધાન (દરેકનો એક–એક ગુણ)

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે લખો. જો વિધાન ખોટું હોય તો સાચું વિધાન ફરીથી લખો.**

1. દર પૂનમની રાતે ચંદ્રગ્રહણની ઘટના થાય છે.
2. ચંદ્ર પરપ્રકાશિત છે તે સૂર્યના પ્રકાશથી પકાશિત છે.
3. પડછાયાના કારણે ગ્રહણની ઘટના જોવા મળે છે.
4. ચંદ્રને પૃથ્વી તરફથી પ્રકાશ મળે છે.
5. ચંદ્રના અંતરાયથી સૂર્ય દેખાતો બંધ થઈ જાય, આ ઘટનાને ચંદ્રગ્રહણ કહેવાય.
6. દર અમાસના દિવસે સૂર્યગ્રહણ જોવા મળે છે.
7. જ્યારે સૂર્ય અને પૃથ્વીની વચ્ચે ચંદ્ર આવે ત્યારે સૂર્યગ્રહણની ઘટના બને છે.

## (ડ) નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના ત્રણ ગુણ)

## (a) ટૂંકનોંધ

- **ટૂંકનોંધ લખો.**

**1.** સૂર્યગ્રહણ

**2.** ચંદ્રગ્રહણ

| | |
|---|---|
| **C5.1** | પોતાના પરિવાર, વિસ્તાર, પ્રદેશ, રાષ્ટ્ર અને વૈશ્વિક સ્તરે પ્રવર્તતી અસમાનતા, પૂર્વગ્રહ અને ભેદભાવના વિવિધ સ્વરૂપોને ઓળખે છે, સમજાવે છે અને પ્રશ્ન પૂછે છે. |
| **C5.2** | વિવિધ (સામાજિક,સાંસ્કૃતિક,આર્થિક અને રાજકીય સહિત રચના (માળખા) અને સંસ્થાઓ દ્વારા વિવિધ સ્તરે કરવામાં આવેલા પ્રયત્નોને ઓળખે છે અને પ્રશંસા કરે છે. સમતા,ન્યાય અને સમાવેશની ખાતરી કરવા માટે વ્યક્તિ શું કરી શકે તે સમજાવે છે. |
| **C7.1** | ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક તત્વો, ભાષાઓ, કલા, દાર્શનિક વિચારો, મૂલ્યો, વસ્ત્રો, ભોજન, પરંપરાઓ, તહેવારો, વેપાર, વાણિજ્ય, આયુર્વેદ અને યોગ સહિતની આરોગ્ય પદ્ધતિઓમાં સમાનતાને ઓળખીને વિવિધતામાં એકતાને સમજાવે છે. |
| **LO : SS619** | પોતાની આસપાસનાં માનવીય વિવિધતાનાં વિવિધ સ્વરૂપોનું વર્ણન કરે છે. |

## (અ) હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) MCQ (બહુ વિકલ્પ પ્રશ્નો)

- **નીચે આપેલ પ્રશ્નોના આપેલ વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

**1. ધર્મ, ભાષા, જાતિ અને આર્થિક અસામાનતા સાથે વિવિધતા ધરાવતો કયો દેશ વિશ્વમાં અનોખી ઓળખ ધરાવે છે ?**

(A) શ્રીલંકા
(B) ભારત
(C) અમેરિકા
(D) ઇંગ્લેન્ડ

**2. ભારત દેશ માટે નીચેના માંથી કયું વાક્ય સાચું નથી ?**

(A) વિવિધતાઓના કારણે ભારત એક ઉપખંડ બની ગયો છે.
(B) દેશવાશીઓના રૂપ–રંગ, પોશાક, ધર્મ, ભાષા, ખાન–પાન વગેરેમાં વિવિધતા છે.
(C) ભારત દેશ બિનસાંપ્રદાયિક દેશ છે.
(D) દેશમાં બધાં જ ધર્મોને સરખું મહત્વ આપવામાં આવતું નથી.

**3. મારા રાજયનું લોકનૃત્ય કથકલી છે, તો હું ક્યા રાજ્યનો નિવાસી હોઇશ ?**

(A) કેરલ
(B) ગુજરાત
(C) પંજાબ
(D) ઓડિશા

**4. મીના અને સીમા દક્ષિણભારતના પ્રવાસે ગયા છે, તો ત્યાં તેઓ કઈ વાનગીનો સ્વાદ માણી શકશે નહીં ?**

(A) ઢોસા
(B) ઇડલીસાંભર
(C) રસગુલ્લા
(D) મેંદુવડા

**5. નીચેનામાંથી કઈ જોડ ખોટી છે તે જણાવો.**

(A) ગુજરાત–ગરબા
(B) પંજાબ–ભાંગડા
(C) રાજસ્થાન–કથકલી
(D) ઉત્તરપ્રદેશ–કથક

**6. આપણાં દેશમાં કુલ કેટલી ભાષાઓને બંધારણમાં માન્યતા આપવામાં આવી છે ?**

(A) પંદર (B) વીસ

(C) બાવીસ (D) પચ્ચીસ

**7. શાના કારણે ભારત એક ઉપખંડ બની ગયો છે ?**

(A) વીચિત્રતાઓના કારણે (B) વિષમતાઓના કારણે

(C) વિવિધતાઓના કારણે (D) વિશિષ્ટઓના કારણે

**8. વસુધૈવ કુટુંબકમ' એટલે......................**

(A) મારો પરિવાર, મારું વિશ્વ (B) ભારત દેશ મારો પરિવાર

(C) ગુજરાત મારો પરિવાર (D) આખું વિશ્વ મારો પરિવાર

**9. ઘુમ્મર : : રાજસ્થાન , ........................ :: તામિલનાડુ?**

(A) બિહુ (B) ભરતનાટ્યમ

(C) કથકલી (D) કથક

**10. નીચે પૈકી કઈ બાબત ગુજરાત રાજ્ય સાથે બંધ બેસતી નથી ?**

(A) રાસ ગરબા (B) ગુજરાતી

(C) નવરાત્રી (D) કોંકણી

**11. એકતાની અભિવ્યક્તિ કરતુ ભારતનું રાષ્ટ્રગીત કોને લખ્યું છે ?**

(A) રવિન્દ્રનાથ ટાગોર (B) બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય

(C) અવનીન્દ્રનાથ ટાગોર (D) શ્યામલાલ ગુપ્તા

**12. ઓણમનો તહેવાર કયા રાજ્યમાં ધામધુમથી ઉજવાય છે ?**

(A) હરિયાણા (B) હિમાચલ પ્રદેશ

(C) કેરલ (D) મધ્યપ્રદેશ

**13. આપણા દેશમાં નીચેનામાંથી કયો ભેદભાવ જોવા મળે છે ?**

(A) ખ્રિસ્તી (B) હિંદુ

(C) ઈસ્લામ (D) પારસી

**14. નીચેના પૈકી કયું વિધાન ભારત દેશને લાગુ પડે છે ?**
**વિધાન – 1 : ધર્મ અને ભાષામાં વિવિધતા હોવાથી સાંસ્કૃતિક વિવિધતા બહોળા પ્રમાણમાં જોવા મળે છે.**
**વિધાન – 2 : દેશમાં વિવિધ ધર્મમાં આસ્થા ધરાવતા લોકો રહે છે.**

(A) માત્ર વિધાન – 1 સાચું છે. (B) માત્ર વિધાન – 2 સાચું છે.

(C) બંને વિધાનો સાચાં છે. (D) બંને વિધાનો ખોટા છે.

**15. ધર્મ અને તેના તહેવાર માટે નીચેના પૈકી કઈ જોડ સાચી નથી ?**

(A) હિન્દુ ધર્મ– ગણેશ ચતુર્થી (B) ઇસ્લામ – ઈદ

(C) પારસી – નાતાલ (D) જૈન – મહાવીર જયંતિ

## (b) ખાલી જગ્યા (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

1. __________ ના કારણે જ ભારત એક ઉપખંડ બન્યો છે.
2. મહારાષ્ટ્રના લોકો __________ ભાષા બોલે છે.
3. વૈશાખી એ _________ ધર્મના લોકોનો તહેવાર છે.
4. વિવિધતામાં એકતા એ ___________ દેશની વિશિષ્ટતા છે.
5. ભાંગડા એ _________ રાજયનું જાણીતું નૃત્ય છે.
6. આપેલ ચિત્ર________ ધર્મનું પ્રતિક છે.
7. _________ એ ખ્રિસ્તી ધર્મનો ધાર્મિક ગ્રંથ છે.
8. ગુરુ નાનકે ____________ ધર્મની સ્થાપના કરી હતી.
9. તમિલનાડુ રાજ્યની ભાષા _____________ છે.
10. 25મી ડિસેમ્બરે ખ્રિસ્તી ધર્મના લોકો _______________ તહેવાર ઉજવે છે.
11. એ ___________ ધર્મનું ધર્મચિહ્નછે.
12. લાવણી એ _____________ રાજ્યનું જાણીતું નૃત્ય છે.

## (c) ખરા–ખોટા વિધાન (દરેકનો એક–એક ગુણ)

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે લખો. જો વિધાન ખોટું હોય તો સાચું વિધાન ફરીથી લખો.**

1. આપણાં દેશમાં બધાં ધર્મોને સરખું મહત્વ આપવામાં આવે છે.
2. ગુજરાતમાં ઓણમનો તહેવાર ધામધૂમથી ઊજવવામાં આવે છે.
3. કથક નૃત્ય તમિલનાડુનું જાણીતું નૃત્ય છે.
4. ભારતના લોકો અનેક બાબતોમાં એકબીજાથી ભિન્ન હોવા છતાં તેમનામાં ભાવાત્મક એકતા પ્રવર્તે છે.
5. ભગવદગીતા એ હિન્દુ ધર્મનો ધાર્મિક ગ્રંથ છે.
6. બિહુ એ સિક્કિમ રાજયનું જાણીતું નૃત્ય છે.
7. મહાશિવરાત્રિ એ જૈન ધર્મનો તહેવાર છે.
8. ભારત દેશ જેવી વિવિધતા દુનિયાના બીજા દેશોમાં ભાગ્યે જ હશે.
9. વિવિધતામાં એકતા એ આપણી સંસ્કૃતિની આગવી ઓળખ છે.

10. રાસ–ગરબા માટે મહારાષ્ટ્ર રાજ્ય દુનિયાભરમાં જાણીતું છે.

## (d) જોડકા જોડો.

- **'A' વિભાગની વિગતોને 'B' વિભાગ સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો.**

**1.**

| વિભાગ A(રાજ્ય) | વિભાગ B(ભાષા) |
|---|---|
| 1. ગુજરાત | F. મરાઠી |
| 2. મહારાષ્ટ્ર | G. મલયાલમ |
| 3. તમિલનાડુ | H. ગુજરાતી |
| 4. કેરલ | I. બંગાળી |
| 5. પશ્ચિમ બંગાળ | J. કન્નડ |
| | K. તમિલ |

**2.**

| વિભાગ A(તહેવાર) | વિભાગ B(ધર્મ) |
|---|---|
| 1. પતેતી | A. જૈન |
| 2. ઈદ | B. હિન્દુ |
| 3. મહાવીર જયંતિ | C. ખ્રિસ્તી |
| 4. શિવરાત્રી | D. પારસી |
| 5. નાતાલ | E. ઈસ્લામ |
| | F. યહૂદી |

**3.**

| વિભાગ A(રાજ્ય) | વિભાગ B(નૃત્ય) |
|---|---|
| 1. મહારાષ્ટ્ર | A. કથક |
| 2. રાજસ્થાન | B. લાવણી |
| 3. આંધ્રપ્રદેશ | C. કુચીપુડી |
| 4. પંજાબ | D. ભારતનાટ્યમ |
| 5. ઉત્તરપ્રદેશ | E. ભાંગડા |
| | F. ઘુમ્મર |

## (e) મને ઓળખો

- **મને ઓળખો.**


1. હું રાજસ્થાનનું જાણીતું નૃત્ય છે.
2. ઈસ્લામ ધર્મ અનુસરતા લોકો મારે ત્યાં નમાજ અદા કરે છે.
3. હું પારસી લોકો માટે પૂજાનું સ્થાન છું.

4. મારા રાજ્યમાં રહેતા લોકો ઓણમનો તહેવાર ઉજવે છે.
5. હું પંજાબનું જાણીતું નૃત્ય છું.
6. હું નાતાલનો તહેવાર ઉજવું છું.
7. હું વિવિધતાઓને કારણે એક ઉપખંડ બની ગયો છું.
8. મેં 'વસુધૈવ કુટુંબકમ' ની ભાવનાને વિશ્વમાં સાકાર કરી છે.
9. હું અસમ રાજયનું જાણીતું નૃત્ય છું.
10. હું આંધ્રપ્રદેશ અને તેલંગાણા રાજ્યના લોકો દ્વારા બોલાતી મુખ્ય ભાષા છું.

## (બ) અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

### (a) એક વાક્યમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

**1.** ભારતની સંસ્કૃતિની આગવી વિશિષ્ટતા કઈ છે ?
**2.** ભારતે કઈ ભાવનાને વિશ્વમાં સાકાર કરી છે ?
**3.** ગુજરાત તેના કયા નૃત્યના કારણે દુનિયામાં જાણીતું છે ?
**4.** કેરલ રાજ્યના લોકો મુખ્યત્વે કઈ ભાષા બોલે છે ?
**5.** મહોરમ કયા ધર્મનો તહેવાર છે ?
**6.** આગમગ્રંથો કયા ધર્મના ધર્મગ્રંથો છે ?
**7.** ભારતમાં જગન્નાથની રથયાત્રા કયા દિવસે નીકળે છે ?
**8.** પશ્ચિમ બંગાળના લોકોની પ્રિય મિઠાઇ કઈ છે ?
**9.** નવજોતસિંહ ગુરુદ્વારામાં પ્રાર્થના કરવા જાય છે, તો નવજોતસિંહ કયો ધર્મ પાળતા હશે ?
**10.**  એ કયા ધર્મના ધર્મચિહ્નો છે ?

## (ક) ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના બે–બે ગુણ)

### (a) બે–ત્રણ વાક્યમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના બે–ત્રણ વાક્યમાં જવાબ લખો.**

**1.** ભારતના લોકોમાં કઈ કઈ બાબતોમાં ભિન્નતા જોવા મળે છે ?
**2.** આપણાં દેશના મુખ્ય ધર્મોના નામ લખો.
**3.** ભારતમાં બોલાતી મુખ્ય ભાષાઓની યાદી તૈયાર કરો.
**4.** આપણાં દેશમાં કયા કયા તહેવારો ઉજવવામાં આવે છે ?
**5.** મકરસંક્રાતિનો તહેવાર તમે કેવી રીતે ઉજવો છો ?
**6.** દિવાળીનો તહેવાર કેવી રીતે ઉજવવામાં આવે છે ?
**7.** 'રાષ્ટ્રીય એકતા' નો અર્થ સમજાવો.

8. ભારતના કોઈ પણ ચાર શષ્ટ્રીય નૃત્યના નામ લખો.
9. રાજસ્થાન અને મહારાષ્ટ્ર રાજયમાં શું વિવિધતા છે ? લખો.
10. ડૉ. રાધાકૃષ્ણને રાષ્ટ્રીય એકતા માટે શું કહ્યું છે ?

## (ડ) નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના ત્રણ ગુણ)

## (a) વિસ્તૃત પ્રશ્નો /મુદ્દાસર જવાબ

- **નીચેના પ્રશ્નોનું વિસ્તૃત વર્ણન કરો.**

1. 'આપણાં દેશમાં વિવિધતામાં એકતા છે. ' – સમજાવો.
2. 'રાષ્ટ્રીય એકતા ' વિષે મુદ્દાસર નોંધ લખો.
3. ભારતમાં ઉજવાતા તહેવારોની યાદી તૈયાર કરી કોઈ બે તહેવારોનો પરિચય આપો.
4. 'ભારત એક બિનસાંપ્રદાયિક દેશ છે. ' – વિધાન સમજાવો.
5. ભારત દેશના વિવિધ રાજ્યોના નૃત્યોની યાદી તૈયાર કરો. કોઈપણ બે નૃત્યો વિશે વિસ્તારથી પરિચય આપો.

| | |
|---|---|
| **C5.1** | પોતાના પરિવાર, વિસ્તાર, પ્રદેશ, રાષ્ટ્ર અને વૈશ્વિક સ્તરે પ્રવર્તતી અસમાનતા, પૂર્વગ્રહ અને ભેદભાવના વિવિધ સ્વરૂપોને ઓળખે છે, સમજાવે છે અને પ્રશ્ન પૂછે છે. |
| **C5.2** | વિવિધ (સામાજિક,સાંસ્કૃતિક,આર્થિક અને રાજકીય સહિત રચના (માળખા) અને સંસ્થાઓ દ્વારા વિવિધ સ્તરે કરવામાં આવેલા પ્રયત્નોને ઓળખે છે અને પ્રશંસા કરે છે. સમતા,ન્યાય અને સમાવેશની ખાતરી કરવા માટે વ્યક્તિ શું કરી શકે તે સમજાવે છે. |
| **C7.1** | ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક તત્વો, ભાષાઓ, કલા, દાર્શનિક વિચારો, મૂલ્યો, વસ્ત્રો, ભોજન, પરંપરાઓ, તહેવારો, વેપાર, વાણિજ્ય, આયુર્વેદ અને યોગ સહિતની આરોગ્ય પદ્ધતિઓમાં સમાનતાને ઓળખીને વિવિધતામાં એકતાને સમજાવે છે. |
| **LO : SS620** | પોતાની આસપાસની વિવિધતા તરફ સ્વસ્થ વલણ વિકસાવે છે. |

## (અ) હેતુલક્ષી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) MCQ (બહુ વિકલ્પ પ્રશ્નો)

- **નીચે આપેલ પ્રશ્નોના આપેલ વિકલ્પમાંથી સાચો જવાબ શોધીને લખો.**

**1. શાના કારણે છોકરીઓ કુરિવાજોનો ભોગ બને છે ?**

(A) સાક્ષરતાનું નીચું પ્રમાણ (B) સાક્ષરતાનું ઊંચું પ્રમાણ

(C) A અને B બંને સાચા (D) A અને B બંને ખોટા

**2. નીચેનામાંથી કયા અધિકારથી સૌને સમાન તક, ન્યાય અને દરજ્જો પ્રાપ્ત થાય છે ?**

(A) સમાનતાના અધિકારથી (B) વ્યવસાયના અધિકારથી

(C) શિક્ષણના અધિકારથી (D) એક પણ નહિ

**3. નીચેમાંથી શું કરવામાં આવે તો ભેદભાવ ઓછા થાય ?**

(A) શિક્ષણ (B) જાગૃતિ

(C) A અને B બંને (D) એક પણ નહિ

**4. નીચેનામાંથી કયું વિધાન સાચું છે.**

**વિધાન – 1 : પ્રારંભિક સમાજરચનામાં વ્યવસાય આધારિત વર્ણવ્યવસ્થા હતી.**

**વિધાન – 2 : આપણાં દેશમાં ગામડાની અને ગ્રામીણ લોકોની સંખ્યા ઓછી છે.**

(A) માત્ર વિધાન – 1 સાચું છે. (B) માત્ર વિધાન – 2 સાચું છે.

(C) બંને વિધાનો સાચાં છે. (D) બંને વિધાનો ખોટાં છે.

**5. 'તેઓ મોટેભાગે કુરિવાજોનો ભોગ બને છે.' – આ વિધાન સામાન્ય રીતે કોની સાથે સાંકળવામાં આવે છે ?**

(A) છોકરાઓ સાથે (B) છોકરીઓ સાથે

(C) પુરુષો સાથે (D) આપેલ પૈકી એક પણ નહીં

**6. સમાજમાં કેટલાક લોકો શિક્ષણ લે છે, જ્યારે કેટલાક લોકો શિક્ષણ લેતા નથી ત્યારે શું ઉત્પન્ન થાય છે ?**

(A) વિવિધતા (B) ભેદભાવ

(C) સમાનતા (D) જરૂરિયાતો

**7. ભારતે કઈ ઉંમરના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ માટેનો કાયદો અમલમાં મૂક્યો છે ?**

(A) 8 થી 16 વર્ષની ઉંમરના (B) 6 થી 16 વર્ષની ઉંમરના

(C) 6 થી 14 વર્ષની ઉંમરના (D) 8 થી 14 વર્ષની ઉંમરના

**8. શાના કારણે સમાજમાં ભેદભાવો ભૂંસતા જાય છે ?**

(A) શિક્ષણનો વ્યાપ વધવાના કારણે (B) સમાજમાં જાગૃતિ આવવાના કારણે

(C) A અને B બંને (D) આપેલ પૈકી કોઈ પણ નહિ

**9. નીચેનામાંથી કયું વિધાન સાચું છે.**

**વિધાન – 1 : ચોક્કસ જ્ઞાતિના લોકો માટે ગ્રામપંચાયતથી સંસદ સુધીની ચૂંટણીમાં બેઠક અનામત રાખવામા આવે છે.**

**વિધાન – 2 : સમાજમાં પુત્રીજન્મને પ્રાધાન્ય હોવાથી પુરુષ ભ્રૂણ હત્યાનો ભોગ બને છે.**

(A) માત્ર વિધાન – 1 સાચું છે. (B) માત્ર વિધાન – 2 સાચું છે.

(C) બંને વિધાનો સાચાં છે. (D) બંને વિધાનો ખોટાં છે.

**10. નીચે આપેલ ભેદભાવની કઈ જોડ સાચી છે ?**

**1. અમીર – ગરીબ 2. સાક્ષર – નિરક્ષર 3. શહેરી – મોડર્ન 4.છોકરા – છોકરી**

(A) માત્ર 1 (B) માત્ર 2

(C) માત્ર 3 (D) 1, 2, 4

**11. '' જો આપણે એક રાષ્ટ્રના રૂપમાં જીવિત રહેવું હશે તો આપણે સૌએ રાષ્ટ્રીય એકતાની આવશ્યકતા સ્વીકારવી પડશે'' આ વિધાન કોણે કહ્યું છે ?**

(A) ગાંધીજી (B) ડૉ. રાધાકૃષ્ણન

(C) જવાહરલાલ નહેરુ (D) સરદાર વલ્લભભાઈ પટેલ

**12. રાષ્ટ્રીય એકતા માટે નીચેના પૈકી કયો શબ્દ લાગુ પડતો નથી ?**

(A) પ્રેમ (B) દ્વેષ

(C) સન્માન (D) ત્યાગ

**13. નીચેના પૈકી કયું વિધાન ખોટું છે ?**

(A) ભારતે વસુધૈવ કટુંબકમ ``ની ભાવનાને વિશ્વમાં સાકાર કરી છે . (B) વિવિધતામાં એકતા એ આપણી સંસ્કૃતિનું મહતવપૂર્ણ લક્ષણ છે .

(C) આપણી પ્રજાએ આપણી વિવધતાનું સંવર્ધન અને જતન કર્યું છે (D) ભારતે ધાર્મિક સહિષ્ણુતા અને સર્વધર્મ સમભાવનો પ્રસાર ભારતમાં જ કર્યો છે.

**14. રાષ્ટ્રીય એકતાથી રાષ્ટ્રનો .........................ક્ષેત્રમાં વિકાસ થાય છે.**

(A) આર્થિક
(B) સામાજિક અને ઔદ્યોગિક
(C) સર્વાંગી
(D) A અને B બંને

**15. ભારતના લોકો ............................ ની ભાવનાથી પોતાનું જીવન જીવે છે.**

(A) સહઅસ્તિત્વ
(B) વસુધૈવ કુટુંબકમ
(C) એકતા
(D) વિવિધતા

## (b) ખાલી જગ્યા (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલ ખાલી જગ્યાઓ પૂરો.**

1. ક્યારેક વિવિધતાના કારણે ________ જોવા મળે છે.
2. બંધારણમાં સમાનતાના અધિકારને સ્થાન મળતા ___________ નાબૂદ કરી દેવામાં આવી છે.
3. આપણાં દેશમાં ___________ લોકોની સંખ્યા વધુ છે.
4. સૌને સમાન રીતે ___________ શિક્ષણની તકો મળવા લાગી છે.
5. ___________ માટે છાત્રાલય, શિષ્યવૃત્તિઓ અને આર્થિક સહાયની યોજનાઓ અમલમાં આવી.
6. ____________માં સાક્ષરતાનું પ્રમાણ નીચું હોવાથી બાળલગ્ન, પડદાપ્રથા, દહેજપ્રથા તથા અન્ય કુરિવાજોનો ભોગ બને છે.
7. ભણેલા લોકોનું જીવનધોરણ _____________ જોવા મળે છે.
8. ભારતના લોકો __________ની ભાવનાથી પોતાનું જીવન જીવે છે.
9. ભારતીય સમાજમાં ________ જન્મને પ્રાધાન્ય આપવામાં આવે છે.
10. વિવિધ ક્ષેત્રોમાં મહિલાઓનું __________ પ્રમાણ સ્ત્રી–પુરુષના ભેદભાવ સ્પષ્ટ કરે છે.

## (c) ખરા–ખોટા વિધાન (દરેકનો એક–એક ગુણ)

- **નીચેના વિધાનો ખરાં છે કે ખોટા તે લખો. જો વિધાન ખોટું હોય તો સાચું વિધાન ફરીથી લખો.**

1. આઝાદી પછીનાં વર્ષોમાં ભેદભાવો નામશેષ થઈ રહ્યા છે.
2. લોકોના સામૂહિક વિકાસ મટે ગ્રામીણ સડકો, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, વીજળી, પીવાના પાણીની સુવિધાઓ વગેરે પાયાની સુવિધાઓ સરકારે વધારી છે.
3. દેશના બંધારણમાં સમાનતાનાં અધિકારને સ્થાન મળતાં અસ્પૃશ્યતા વધી છે.
4. પ્રારંભિક સમાજરચનામાં જાતિ આધારિત વર્ણવ્યવસ્થા હતી.
5. ક્યારેક વિવિધતાનાં લીધે ભેદભાવ જોવા મળે છે.
6. સમાજમાં જાગૃતિ અને શિક્ષણનો વ્યાપ વધવા સાથે આ ભેદભાવો ભૂંસાતા જાય છે.
7. મોટાભાગનાં કુટુંબોમા પુરુષો ઘરકામ અને બાળઉછેરનું કામ કરે છે.
8. મહિલાઓની સમસ્યાઓના નિવારણ માટે મહિલા કલ્યાણ કેન્દ્રોની સ્થાપના કરી છે.
9. આજે મોટાભાગનાં કુટુંબોમાં સ્ત્રીઓ કુટુંબવિષયક નિર્ણયો લેવાની સત્તા ભોગવે છે.
10. મફત અને ફરજિયાત શિક્ષણનાં અધિકારના કાયદાથી માધ્યમિક શિક્ષણની તકો મળવા લાગી છે.

## (d) જોડકા જોડો.

- **'A' વિભાગની વિગતોને 'B' વિભાગ સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો.**

**1.**

| વિભાગ A | | વિભાગ B |
|---|---|---|
| 1. | બાળલગ્ન, પડદાપ્રથા, દહેજપ્રથા | L. વિદ્યાર્થીઓ |
| 2. | છાત્રાલય, શિષ્યવૃત્તિઓ, આર્થિક સહાય | M. ભેદભાવ |
| 3. | સમાનતાનો અધિકાર | N. પાયાની સુવિધાઓ |
| 4. | અમીર–ગરીબ, છોકરા–છોકરી, સાક્ષર–નિરક્ષર | O. કુરિવાજો |
| 5. | સડકો, વીજળી, પીવાના પાણીની સુવિધા | P. અસ્પૃશ્યતા નાબૂદી |
| | | Q. સમાન તક |

## (બ) અતિ ટૂંક જવાબી પ્રશ્નો (દરેકનો એક–એક ગુણ)

## (a) વર્ગીકરણ કરો. (દરેકનો એક–એક ગુણ)

- **નીચે આપેલ વિગતોને ભેદભાવ, સમાનતા માટેના પ્રયાસો અને પાયાની સુવિધાઓમાં વર્ગીકરણ કરો.**

**(અમીર–ગરીબ, ગ્રામીણ સડકો, આર્થિક સહાયની યોજનાઓ, વિદ્યાર્થીઓ માટે છાત્રાલય, બંધારણમાં સમાનતાનો અધિકાર, સાક્ષર–નિરક્ષર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ચોક્કસ જ્ઞાતિના લોકો માટે બેઠક અનામત, વીજળી)**

| ભેદભાવ | સમાનતા માટેના પ્રયાસો | પાયાની સુવિધાઓ |
|---|---|---|
| | | |

## (ક) ટૂંક જવાબી પ્રશ્નો (દરેકના બે–બે ગુણ)

## (a) બે–ત્રણ વાક્યમાં જવાબ

- **નીચે આપેલ પ્રશ્નોના બે–ત્રણ વાક્યમાં જવાબ લખો.**

1. આપણાં દેશમાં કયા કયા ભેદભાવો જોવા મળે છે ?
2. ભારતમાં જ્ઞાતિ આધારિત ભેદભાવો શાથી ઉદ્‌ભવ્યા છે ?
3. ભરતમાંથી અસ્પૃશ્યતા કઈ રીતે નાબૂદ થઈ છે ?
4. કયા કારણે આઝાદી પછીનાં વર્ષોમાં ભેદભાવો નામશેષ થઈ રહ્યા છે ?
5. ભારતીય સમાજમાં છોકરીઓ સાથે કઈ કઈ બાબતોમાં ભેદભાવ રાખવામાં આવે છે ?
6. સરકાર આપણને કઈ કઈ પાયાની સુવિધાઓ પૂરી પાડે છે ?

7. સૌને સમાન રીતે પ્રાથમિક શિક્ષણની તકો શાથી મળવા લાગી છે ?

8. ભારતમાં સ્ત્રીઓને કયા કયા કુરિવાજોનો ભોગ બનવું પડે છે ?

## (ડ) નિબંધ પ્રકારના પ્રશ્નો (દરેકના ત્રણ ગુણ)

## (a) વિસ્તૃત પ્રશ્નો /મુદ્દાસર જવાબ

- **નીચેના પ્રશ્નોનું વિસ્તૃત વર્ણન કરો.**

1. છોકરા–છોકરીનાં ભેદભાવ વિષે મુદ્દાસર નોંધ તૈયાર કરો.
2. ભારતમાં વિવિધતામાં સમાનતા લાવવા માટે થયેલ પ્રયાસો વિશે વિસ્તારથી સમજાવો.
3. ટૂંક નોંધ લખો : વિવિધતામાં એકતા લાવવા થયેલ પ્રયત્નો
4. વિવિધતામાં એકતા લાવવા માટે સરકારે કેવા કેવા પ્રયત્નો કરવા જોઈએ. – સમજાવો.